ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।



# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

**ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું**
**માસિક મુખપત્ર**

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2, Issue 6, September 2017 Ahmedabad, (Gujarat),
Page : 32, Rs. 100 Annual.

## આચાર્ય શ્રુતબંધુ શાસ્ત્રી



મૂળ બિહાર નિવાસી ગુજરાતને પોતની કર્મભૂમિ બનાવી. સન્ ૧૯૨૯ થી ૩૧ સુધી ગુરુકુળ સોનગઢમાં આચાર્ય તરીકે સેવા આપી. સન્ ૧૯૩૨માં આર્યમન્યા મહાવિદ્યાલય, વડોદરામાં સંસ્કૃતના અધ્યાપક તરીકે રહ્યાં. સન્ ૧૯૪૩ થી ૧૯૬૮ સુધીનાં વચ્ચેના કેટલાંક વર્ષો બાદ કરતા ગુરુકુળ સૂપામાં વિવિધ જવાબદારીઓ વહન કરી. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ પોતાની હિંમત, ખંત સાહસિકતાનો પરિચય આપી ગુરુકુલને નવજીવન આપ્યું.

પં. મેધાવ્રતજી લિખિત દયાનંદ દિગ્વિજય સંસ્કૃત મહાકાવ્યનું ભાષ્ય, વેદ પર અત્યાચાર વગેરે પુસ્તકો લખ્યાં.




# ઐશ્વર્યમાં રમવાવાળું મન

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી આપણને મન નામનું એક અતઃકરણ મળ્યું છે. પ્રભુએ આ મનને ઐશ્વર્ય પ્રિય બનાવ્યું છે. તેથી દરેક વ્યક્તિ ઐશ્વર્ય મેળવવા ઇચ્છે છે. પ્રત્યેક વ્યક્તિ ઐશ્વર્યને જોઇને કે પ્રાપ્ત કરીને પ્રસન્ન થાય છે. ઐશ્વર્યરહિત સ્થિતિમાં પ્રસન્નતા નથી રહેતી, ઐશ્વર્ય પ્રદાન કર્યા છે. તેણે ઐશ્વર્યનેઇચ્છતુ મન પણ આપ્યું છે.

સંસારમાં અનેકવિધ ઐશ્વર્યો છે. ધન-સંપત્તિ, સુંદર શરીર, મધુરવાણી, રંગરૂપ, તીક્ષ્ણ અને પવિત્ર બુદ્ધિ, જ્ઞાન, વૃક્ષ-વનસ્પતિ, નદી-પર્વત, પશુ-પક્ષી વગેરે અનેક પ્રકારના ઐશ્વર્ય સંસારમાં પુષ્કળ પ્રમાણમાં વિખરાયેલ છે. વ્યક્તિ તેની તરફ વારંવાર આકર્ષક થતો જાય છે. થોડુંક ઐશ્વર્ય પ્રાપ્ત કર્યા બાદ જ્યારે તેનાથી મન ભરાય છે, તો વ્યક્તિ વધુ ઐશ્વર્યની પ્રાપ્તિમાં લાગી પડે છે.

ઐશ્વર્યની ઇચ્છાને, વધુને વધુ ઐશ્વર્યની ઇચ્છાને આધ્યત્મિક ક્ષેત્રમાં ખરાબ દૃષ્ટિથી જોવામાં આવે છે. ખરેખર ઐશ્વર્યની ઇચ્છા તો બધાંમા હોય છે. ભૌતિકવાદી સાંસારિક વ્યક્તિમાં પણ અને આધ્યાત્મિક વ્યક્તિમાં પણ ઐશ્વર્યની કામના પ્રગતિ માટે જરૂરી છે. પ્રગતિ ભલે ભૌતિક હોય કે આધ્યાત્મિક. ભૌતિક ઐશ્વર્ય પ્રાપ્ત કરીને, તેનો અનુભવ કરીને વ્યક્તિ જ્યારે તૃષ્ણા રહિત થઇ જાય છે, ભૌતિક ઐશ્વર્યની ઇચ્છા આકર્ષણથી પર થઇ જાય છે, તો તેને જ વૈરાગ્ય કહે છે. પરંતુ આ વૈરાગ્યનું કારણ પણ ઐશ્વર્ય કામના જ છે. જે ભૌતિક બાહ્ય ઐશ્વર્યની ઇચ્છા કરેલી હતી અને પુરુષાર્થ કરીને પ્રાપ્ત કરી લીધું હતું. તેનાથી પૂર્ણ તૃપ્તિ મેળવવી અસંભવ જાણ થવાથી વ્યક્તિ આધ્યાત્મિક - આંતરિક ઐશ્વર્યને પ્રાપ્ત કરવા ઇચ્છે છે. આધ્યાત્મિક આંતરિક ઐશ્વર્ય વધારે પ્રસન્નતા આપે છે, વધુ લાંબો સમય ટકે છે. આધ્યાત્મિક ઐશ્વર્યની પ્રસન્નતાની વિશેષતા આ પણ છે કે તે વ્યગ્રતાથી રહિત ખૂબ જ શાંત-ગંભીર હોય છે.

ભૌતિક બાહ્ય-ઐશ્વર્યહીન અને હેય (ત્યાજય) છે, કારણ કે આધ્યાત્મિક આન્તરિક ઐશ્વર્ય તેનાથી મોટું અને વધુ હોય શ્રેષ્ઠ અને ઉપાદેય (પ્રાપ્તિ) છે. આધ્યાત્મિક વ્યક્તિનું મન પણ ઐશ્વર્ય પ્રિય હોય છે. પ્રારંભમાં આધ્યાત્મિક વ્યકિતને પર્વત, વન, નદી, ઝરણાં, ગુફાઓ, પર્વના શિખરો વગેરે પ્રાકૃતિક ઐશ્વર્ય આકર્ષે છે. તેને મેળવીને તે પ્રસન્ન થઇ જાય છે અને વધુ ઉચ્ચ સ્તર પર મેળવતો રહે છે.

આ સર્વ ઐશ્વર્યોથી મોટું, સર્વ ઐશ્વર્યનું પણ ઐશ્વર્ય એક અન્ય ઐશ્વર્ય છે. તે છે પરમપિતા પરમાત્માનું ઐશ્વર્ય, ઉચ્ચ સ્તરના સાધક-યોગાભ્યાસી-યોગી એ જ બની શકે છે જેને પરમાત્માનું ઐશ્વર્ય આકર્ષિત કરવા લાગે છે. તેને સાંસારિક બાહ્ય-ઐશ્વર્ય તથા આન્તરિક આ આધ્યાત્મિક એકાગ્રતા-શાંતિ-સંતોષ અનુસંધાન પાના નં. ૮ પર

વૈદિક ઉપદેશ

# એકાન્ત વિચાર

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર
અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

**દેવા ઈવામૃતં રક્ષમાણાઃ સાયંપ્રાતઃ સૌમનાસો વો અસ્તુ ।।**
**- અથર્વવેદ ૩/૩૦/૭**

જો આપણે એવો નિશ્ચિત કરી લઈએ કે આપણને જે કંઇ જ્ઞાન મળશે, તેને આપણે અવશ્ય ગ્રહણ કરીશું, તો આપણને હવે સ્વાભાવિક રીતે જ એ જાણવાની ઇચ્છા થશે કે તે જ્ઞાનને, તે ઉપદેશને ધારણ કરવાનો, પોતાનામાં સ્થિર કરવાનો શો ઉપાય છે?

એનો એક જ ઉપાય છે, અને આ બાબતમાં કોઇનો પણ મતભેદ નથી. આ ઉપાય જો હું યોગ્ય શબ્દોમાં પ્રકટ કરવા ઇચ્છું તો આ બે શબ્દોમાં કહી શકું છું- એકાન્ત વિચાર. અમને જે કંઇ ઉપદેશ મળે, એકાન્તમાં જઇને તેના ઉપર વારંવાર વિચાર કરવો જોઇએ. આવી રીતે તેને આપણે પોતાનામાં સ્થિર કરી શકીએ છીએ. જેમ એકાન્તમાં જ્ઞાન થયું કે સાચું બોલવું જોઇએ. તો કોઇ વખતે બેસીને મારે વિચારવું જોઇએ કે આ વાત કેટલી બરાબર છે? જો સાચી વાત છે તો હું શા માટે સત્ય બોલું છું ? એને જીતવાનો શો ઉપાય છે? અસત્યને કારણે મને કઇ હાનિ થઇ છે? જીવનમાં સત્યનો કઇ કઇ વસ્તુઓ સાથે સંબંધ છે? વગેરે વગેરે. સત્ય વિષે ખૂબ વિચાર કરવો જોઇએ. આવી રીતે વિચાર કરવાથી એ વસ્તુ મારી બની જશે. નહિ તો હું સત્ય વિષે મોટું પુસ્તક લખી નાખું પરંતુ એના ઉપર પોતે વિચાર ન કરું તો સત્ય સાથે મારો સંબંધ કદી પણ સ્થાપિત થશે નહિ. સત્ય મારા જીવનમાં આવશે નહિ. જેવી રીતે બહાર રાખી મૂકેલા ભોજનનો મારી સાથે સંબંધ નથી. એવી રીતે જ પુસ્તક વાંચી લેવાથી પણ મારો સત્ય સાથે સંબંધ થશે નહિ. એને માટે તો વિચાર કરવો જોઇએ. મનન કરવું જોઇએ. અને જે મનુષ્ય મનન કરનાર છે, તેને માટે તો એટલું જ જ્ઞાન પૂરતું છે કે સત્ય બોલવું જોઇએ. તે મનન દ્વારા પોતે જ વિચાર કરી લેશે અને તેને પોતાનામાં ધારણ કરશે.

આપણામાંથી ઘણાને મોટાં મોટા પુસ્તકો વાંચવાનું કે લાંબા લાંબા વ્યાખ્યાનો સાંભળવાનું વ્યસન છે. પરંતુ જો એક વાતને લાંબી જ કરવી છે તો હું તેમને સલાહ આપીશ કે તે તેને પોતાના મન દ્વારા તેના ઉપર મનન કરે, એના વિશે લાંબુ વિચાર્યા કર્યા કરે, એની અપેક્ષા કે એક મોટું પુસ્તક વાંચે કે એક લાંબુ વ્યાખ્યાન સાંભળે. પોતાની જાતને પોતે જ વ્યાખ્યાન આપવું જોઇએ. પોતે વિચાર કરતી વખતે ખેરખર એ જ ક્રિયા થાય છે. જેમને એવું વ્યસન નથી તેમને પણ જ્યારે કોઇ વિસ્તૃત ઉપદેશ વાંચવાનો અવસર મળે તો તેમણે તે વિસ્તૃત કથનને સંક્ષેપમાં પોતાના મનમાં રાખવું અને પછી એકાન્તમાં પોતાના મન દ્વારા તેનો ફરીથી વિસ્તાર કરવો. આ આપણાં

## "આર્ય વૈદિક દર્શન"

<u>આર્યવૈદિક દર્શન</u>નું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦ ૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ : (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com , gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮
વિક્રમ સંવત: ૨૦૭૩
વર્ષ: ૨ (સળંગ વર્ષ ૩૫)
અંક : ૫, સપ્ટેમ્બર - ૨૦૧૭
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઈલ નં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## આર્યાભિવિનય

नमः शम्भवाय च मयोभवाय च
नमः शङ्कराय च मयस्कराय च
नमः शिवाय च शिवतराय च ॥
यजुर्वेद० १६.४१॥ २६॥

**વ્યાખ્યા:** હે કલ્યાણ સ્વરૂપ! કલ્યાણ કરનાર! આપ શંભવ છો (મોક્ષસુખ સ્વરૂપ અને મોક્ષસુખના કરવાવાળા છો), આપને નમસ્કાર છે. આપ મયોભવ છો, સાંસારિક સુખના કરવાવાળા આપને હું નમસ્કાર કરું છું. આપ શઙ્કર છો, આપના દ્વારા જ જીવોનું કલ્યાણ થાય છે, બીજાથી નહિ, તથા મયસ્કર અર્થાત્ મન ઇન્દ્રિય, પ્રાણ અને આત્માને સુખ આપનાર આપ જ છો. આપ શિવ (મંગલમય) છો તથા શિવતર (અત્યંત કલ્યાણ સ્વરૂપ અને કલ્યાણકારક) છો, એથી અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ. (नमो नम इति यज्ञः - शतपथे) જે મનુષ્ય શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઈશ્વરને નમસ્કાર આદિ કરે છે, તે પણ મંગલમય જ બને છે.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આર્યવૈદિક દર્શન | ૨ |
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| જિજ્ઞાસા સમાધાન | ૯ |
| અરબમાં વૈદિક ધર્મ પ્રચાર | ૧૨ |
| અંધશ્રદ્ધા અને વિશ્વાસ | ૧૪ |
| પિતૃનડતર | ૧૫ |
| ગુજરાતનું ગતિશીલ આર્યજગત | ૧૮ |

મનમાં કરેલા વિસ્તારથી તે ઉપદેશ તેમાં ગૃહીત થઇ જશે, પોતાનો બની જશે. જ્ઞાનને ધારણ કરવાનો, માનસિક ભોજન પચાવવાનો એ જ ઉપાય છે- એકાન્તર વિચાર.

અહીં એકાન્ત એટલે શું? આપણે સામાન્ય રીતે હંમેશા બહારના પ્રભાવથી પ્રભાવિત રહીએ છીએ. પોતાના સિવાય બહારની વસ્તુઓ આપણું ધ્યાન ખેંચ્યા કરે છે અને અમારું મન તેનું જ ચિંતન કર્યા કરે છે. આ પ્રભાવો અને બાહ્ય વિચારોને થોડા સમય માટે દૂર કરીને પોતાની જાતમાં એકલા બેસો. એકાન્તનો એ જ મતલબ છે. આ અવસ્થામાં બેસવાથી જ પોતાના વિષે બરાબર વિચાર કરી શકાય છે.

મનુષ્ય ખરેખર છે જ એકલો. પોતાનું કર્મફળ મેળવવામાં તેનો બીજો કોઇ ભાગીદાર નથી. જયારે આપણને કોઇ કષ્ટ-કલેશ થાય છે તો આપણું વધારેમાં વધારે હિત કરનર પણ આપણી સહાયતા કરી શકતા નથી, જ્યાં સુધી કે આપણાં કર્મ પ્રમાણે તેવું થવાનું સંભવ ન હોય. તેથી મનુષ્યે પોતાનો ખરો માર્ગ તો એકલાએ જ પાર કરવાનો છે. બીજો મનુષ્ય થોડો-ઘણો સહાયક બની શકે છે, પરંતુ ચાલવાનું તો આપણે પોતાને જ છે. તેથી એકાન્ત હોવું, પોતે પોતાને સ્વાભાવિક અવસ્થામાં લાવવાનું છે. એનેજ સ્વસ્થ હોવું કહે છે - પોતાની જાતમાં સ્થિત થવું. કૈવલ્યનો પણ એજ અર્થ છે. કેવળ થવું, એકલા થવું. તેથી દરરોજ એકલા થઇને પોતાના આત્માની પાસે બેસીને, પોતાના વિષે વિચાર કરવો જોઇએ.

એનું જ નામ આત્મ નિરીક્ષણ છે. જેવી રીતે એક વ્યાપારી પોતાના હાનિ-લાભનો વિચાર કરે છે, તેવી જ રીતે દરેક મનુષ્યે પોતાના પરમ હાનિ-લાભનો પ્રતિદિન હિસાબ કરવો જોઇએ. હું કમાણી કરું છું કે ગુમાવી રહ્યો છું એનો હિસાબ ન કરનાર મનુષ્યને દરરોજ ખોટ થતી હોય તો પણ એને ખોટની ખબર પડતી નથી. તો તે ખોટને કેવી રીતે ભરપાઇ કરશે? આત્મ નિરીક્ષણ વગર પોતાનો ઉદ્ધાર કેવી રીતે કરશે?

આત્મ નિરીક્ષણ પ્રારંભ કરવાથી ઘણાને ગભરામણ થાય છે. પોતાની ઘણી ખામીઓ દેખાવા લાગે છે. ઘણી ખોટ ગઇ છે એમ લાગે છે. આ ગભરામણને લીધે ઘણા માણસો આત્મ નિરીક્ષણ કરવાનું બંધ કરી દે છે. પરંતુ તેમને જો એ ખબર પડી જાય કે આ ગભરામણને સહન કરવી જોઇએ તો ઘણો ફાયદો થાય છે. કારણ કે **આ ગભરામણને સહન કરવાથી પોતાના અંદરથી તેમને મહાન શાંતિ આપનાર સાંત્વન મળે છે અને પછી દિવસે દિવસે આત્મ નિરીક્ષણમાં એટલો બધો આનંદ મળવા લગશે કે તે આખી ઉંમર સુધી તે એકાન્ત વિચારને છોડશે નહિ.**

આ વિચાર માટે સ્વાભાવિક સમય સવાર અને સાંજનો છે. આપણી બે અવસ્થાઓના અંત સમય છે. જાગરિતાન્ત (જાગવાનો અંત) અને સ્વપ્નાંત (સૂવાનો અંત)થી આત્માને જાણી શકાય છે એવું ઉપનિષદ્‌માં લખ્યું છે. પ્રાકૃતિક દૃષ્ટિએ પણ

આ સમય મનન માટે ઘણો અનુકૂળ છે. સ્વભાવથી જ આ સમયમાં આત્માની પાસે બેસવામાં આવે છે. દરરોજ આ સમયમાં જ બેસીને આપણા લાભ-હાનિ ઉપર, પોતાની અવસ્થા ઉપર વિચાર કરવો જોઇએ. જો કોઇ મનુષ્ય પોતાનામાંથી કોઇ દુર્ગુણને દૂર કરવા ઇચ્છે છે, તો કદી દૂર કરી શકતો નથી, જ્યારે તે પોતાના વિષે વિચાર કરતો નથી. પછી તે ગમે તેટલા ઉપદેશો સાંભળતો રહે. જો હું ક્રોધના દુર્ગુણને છોડવા ઇચ્છું છું, તો મારે દરરોજ સવાર-સાંજ વિચાર કરવો જોઇએ કે આજે મેં કેટલી વખત ક્રોધ કર્યો, શા માટે કર્યો અને પછી દૃઢ નિશ્ચય કરવો જોઇએ કે કાલે એવું કરીશ નહિ. આવી રીતે આપણે દુર્ગુણોને દૂર કરવા અને સદ્‌ગુણોને ધારણ કરવા સમર્થ બનીશું. ઉપદેશને ધારણ કરવાનો આ જ એકમાત્ર ઉપાય છે. શ્રવણ પછી મનન કરવું જોઇએ. આ ઉપદેશ મેં નીચેના મંત્રમાંથી ગ્રહણ કર્યો છે -

**દેવા ઈવામૃતં રક્ષમાણાઃ સાયંપ્રાતઃ સૌમનાસો વો અસ્તુ ।।**

**- અથર્વવેદ ૩/૩૦/૭**

હે મનુષ્યો! જેવી રીતે દેવો પોતાના અમરપણાનું રક્ષણ કરે છે, તેવી રીતે તમે સવાર-સાંજ 'સૌમનસ' મેળવો.

દેવો 'ન મરનાર છે - અમર છે.' એ જ દેવોનું દેવત્વ છે. આપણને તેમની સરખામણીમાં 'મર્તાઃ' - મરનાર છીએ. જેમ કે દેવો પોતાના દેવત્વ, અમૃતત્વનું રક્ષણ કરે છે, તેવી જ રીતે જ આપણે સવાર-સાંજ 'સૌમનસ'નું રક્ષણ કરવું જોઇએ. 'સોમનસ' નો અર્થ છે - મનને સારું હોવું, સારુ મનન. આ મનન જ મનુષ્યનું મનુષ્યત્વ છે. જેવી રીતે દેવોનું દેવત્વ અમરપણું છે. **મનનાત્ મનુષ્યઃ।** - મનુષ્ય એટલા માટે જ મનુષ્ય કહે છે કે તે મનન કરે છે. એ જ તેની પશુઓ કરતાં ભિન્નતા છે. જો તે પોતાનું મનન કરવાનું, વિચાર કરવાનું છોડી દે તો તે મનુષ્ય રહેતો નથી. તેણે સવાર-સાંજ વિચાર કરતા પોતાના મનુષ્યત્વને કાયમ રાખવું જોઇએ. જે એવી રીતે સવાર-સાંજ પોતાનો વિચાર કરતો નથી તે મનુષ્યત્વથી પતિત થાય છે. આવી રીતે આપણા માટે 'એકાન્ત વિચાર'નું મહત્વ છે.

હવે મનુષ્ય પોતાની બાબતમાં એવી રીતે વિચાર કરે છે ત્યાર તે સમય માટે પોતાની અંદર જતો રહે છે. આ પોતાની અંદર જવું મને એવું લાગે છે, જેવી રીતે એક કિલ્લાની અંદર બેસી ગયો છે. જે રીતે એક કિલ્લાવાળો લડનાર યોદ્ધા સદા લાભમાં રહે છે, એવી જ રીતે જે મનુષ્ય એકાન્તમાં જવાનું જાણે છે, તે સંસારની લડાઇમાં કદી હારતો નથી. તમે સવારમાં કિલ્લામાંથી નિકળો અને આખો દિવસ લડીને પછી સાંજે પોતાના કિલામાં જઇને પોતાની અવસ્થા જુઓ, પછી બીજે દિવસે તૈયાર થઇને લડો. દિવસમાં પણ જ્યારે કોઇ વખતે પોતાના ઉપર ઘણા ઘા વાગેલા જુઓ, તો તે સમયે પણ થોડીવાર માટે આ કિલ્લામાં આવતા રહો. અહીં વિચારરૂપી વૈદ્ય તમારા ઘા માટે મલમપટ્ટી એક ક્ષણમાં કરી દેશે. મને આ એકાન્ત વિચારમાં ઘણું સુખ મળે છે. એટલે જ હું આગ્રહ કરીને કહું છું કે બીજાઓ પણ આ પરીક્ષણ કરે, મને તો ખાત્રી છે કે મને મોટામાં મોટું દુઃખ મળે, તો પણ જો મને થોડીવાર માટે પણ એકાન્તમાં રહેવાનું મળી જાય તો મારું ત્રણ ચતુર્થાંશ (૩/૪) દુઃખ તો અવશ્ય દૂર થઇ જશે.

તેથી બીજો વેદનો ઉપદેશ આપણે એ ગ્રહણ કરવો જોઇએ કે અમે આજથી બંને સમયે, સવાર-સાંજ થોડી વાર માટે સંસારને પોતાનાથી જુદો કરીને, પોતાના વિશે વિચાર કરીએ. આવી રીતે જ આપણે ઉપદેશ ગ્રહણ કરી શકીશું. કારણકે મન જ એક એવું સ્થાન છે, જ્યાં અમે જ્ઞાનરૂપી રત્નને મુકી શકીએ છીએ. જો આપણે જ્ઞાન ધની બનવા માગીએ છીએ તો આપણી પાસે ધન રાખવા માટે સ્થાન હોવું જોઇએ. આ ધનને રાખવાનો ખજાનો બનાવવાને માટે ભગવાને બધાને હૃદયઆપ્યું છે. અત્યાર સુધી આપણે એનો મૂર્ખામીથી ઉપયોગ કર્યો નથી. હવે આપણે જે કંઇ જ્ઞાન મળે તે જ્ઞાન અમારે તે જ્ઞાન એકાન્તમાં જઇને મનની ક્રિયા દ્વારા તેને પોતાના આ દિવ્ય કોષ (હૃદય)માં સંભાળીને મૂક્યા કરીએ. એવી રીતે જ આપણી કમાણી સુરક્ષિત રહી શકે છે, નહિ તો આપણે પેલી પ્રખ્યાત કહેવત પ્રમાણે એક કાનથી સાભળ્યું અને બીજા કાનથી કાઢી નાંખ્યુ જેવા થઇ જશું. જો આવી જ અવસ્થા રહે છે તો જ્ઞાનરૂપી રત્નને એક હાથથી ઊંચકીને તે પણ તે સમયે જ બીજા હાથથી ગુમાવી દઇશું. તેથી બીજું જરૂરી કદમ એ છે કે આપણે આ ધનને સંભાળીને રાખવાનું પણ જાણીએ.

ગયે વખતે આપણે જ્ઞાનરૂપી રત્નને ઊંચકવાનું શીખ્યા હતા. જો આજે આ બીજો ઉપદેશ પણ ગ્રહણ કરી લીધો તો આપણે હવે આ રત્નોને સુરક્ષિત રાખવાનું પણ શીખી જઇશું. હવે બીજું શું જોઇએ! હવે તો આપણે જોઇશું કે જ્યાં સુધી આપણે આ બંને પ્રારંભિક ઉપદેશો શીખી ગયા છીએ, ત્યાં સુધી આપણે દિવસે-દિવસે જ્ઞાન ધની બનતા જઇએ છીએ એવો અનુભવ કરીશું.

**ઐશ્વર્યમાં રમવાવાળું મન** અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ

વગેરે ઐશ્વર્ય પણ નીરસ લાગવા માંડે છે. તે આ અન્ય ઐશ્વર્યોનો જરૂરિયાત મુજબ ઉપયોગ તો કરે છે, પરંતુ તેને આખરી ઐશ્વર્ય નથી લાગતા. ઐશ્વર્યમાં રમવાવાળુ મન અંતિમ-ઐશ્વર્ય પરમાત્માના ઐશ્વર્યમાં એવું રમણ કરે છે કે તેના અન્ય રાગ સમાપ્ત થઇ જાય છે, તેને વૈરાગ્ય પ્રાપ્ત થઇ જાય છે. વેદ (શ્રવ્ય-કાવ્ય) અને પ્રકૃતિ (સંસાર, દૃશ્ય-કાવ્ય) માં બુદ્ધિપૂર્વક પ્રવેશ કરવાવાળાને જ્યાં ઇશ્વરના નિત્ય-નવીન ઐશ્વર્યનો બોધ થતો રહે છે, તે ઇશ્વરના ઐશ્વર્યને ખૂબ વધારે માત્રામાં અને ગંભીરતાથી જાણવા-સમજવા લાગે છે. તે ઇશ્વરમાં જ ઓત-પ્રોત થઇ જાય છે. ઇશ્વરના ઐશ્વર્યમાં જ ડૂબેલો રહે છે. તેને ભૌતિક-પ્રાકૃતિક ઐશ્વર્ય લોભાવી શકતા નથી, તે એનાથી વિરક્ત થઇ જાય છે.

પ્રભુ કૃપાથી પ્રાપ્ત ઐશ્વર્ય પ્રિય મનની પૂર્ણ સફળતા આ જ છે કે તે પરમ ઐશ્વર્યને ઇચ્છવા લાગે. જો વ્યક્તિ પોતાના મનની ઐશ્વર્ય પ્રિયતાનો સમજદારીથી પ્રયોગ કરે, તો ઇશ્વર સાક્ષાત્કાર સુધી પહોંચી શકે. પોતાના જીવનને ચરિતાર્થ કરી શકે છે. કૃત્ય કૃત્ય થઇ શકે છે. પોતાના મનને પરમાત્માના ઐશ્વર્યની તરફ વાળી દેવાથી બધી જ આધ્યાત્મિક ઉપલબ્ધિઓ સરળતાથી મળતી જાય છે. પ્રભુ કૃપાથી પ્રાપ્ત ઐશ્વર્ય-પ્રિય મનનો આ સર્વોત્કૃષ્ટ ઉપયોગ છે.

# જિજ્ઞાસા – સમાધાન

– આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : દરેક મંત્ર સાથે તેના ઋષિ, દેવતા, છંદ વગેરે લખવામાં આવે છે. તથા વેદભાષ્ય કર્તાનું નામ વેદની સાથે આપવામાં આવે છે. પરંતુ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં અગ્નિ અંગિરા, આદિત્ય, વાયુ ઋષિના નામ લખેલું હાલ નથી. જ્યારે આ ઋષિઓને વેદજ્ઞાન ઇશ્વરે પ્રદાન કર્યુ હતું.**

સર્વ-સામાન્ય લોકોને માટે દરેક વેદની સાથે તેના દ્દષ્ટા ઋષિનું નામ જરૂરથી આપવું જોઇએ.

**મારી સમજના અભાવે મને જાણકારી ન હોય તે સંભવ છે. કૃપયા જ્ઞાન પ્રદાન કરશો.**

**– કૃષ્ણ ગોપાલ મન્ત્રી, આર્યસમાજ,**
**ટકનપુર (ચંપાવત), ઉત્તરાખંડ**

**નિવારણ : (ક)** પરમેશ્વર દ્વારા આપવામાં આવેલ વેદોપદેશ આપણે સર્વે જીવાત્માઓ માટે પરમ પ્રમાણ છે. ઋષિઓએ વેદને સ્વતઃ પ્રમાણ કહ્યા છે. વેદના પ્રત્યેક મંત્ર, પ્રત્યેક પદ, પ્રત્યેક શબ્દ સાર્થક છે, સકારણ છે, વિશેષ આશય દર્શાવે છે.

વૈદિક સંહિતાઓનું અધ્યયન કરતી વખતે અન્ય સમસ્યાઓની જેમ પુનરુકત સમસ્યાઅ પણ આપણી સામે આવે છે. જ્યારે એક મંત્રને એક વેદમાં એક કરતા વધુ વધુ વખત આવેલો જોવા મળે છે. અથવા મંત્રને અન્ય વેદોમાં પણ જોવા મળે છે તો સ્વાભાવિક રીતે આપણા મન પ્રશ્ન જાગે છે કે આવું શા માટે છે અને અનેક લોકો આને પુનરુકત દોષ સમજવા લાગે છે. આવો જ તમારો (પ્રશ્નકર્તા)નો આશય જણાય છે.

'વેદોમાં પુનરુકત દોષ નથી.' એ વિષયે વિદ્વાનોએ ઘણું લખ્યું છે. તે વિદ્વાનોનાં આધારે જ અહીં સમાધાન આપવામાં આવે છે.

વેદોમાં પુનર્કથનના ઘણાં પ્રકારો છે. જેમ કે (૧) ક્યાંક-ક્યાંક સંપૂર્ણ સૂક્તનું પુનર્કથન થયું છે, જેમકે ઋગ્વેદનું ૧૦.૧૦ યમ-યમી સૂક્ત કહેવાય છે. આ સંપૂર્ણ સૂક્ત અથર્વવેદમાં ૧૮.૧ માં પણ છે. ઋગ્વેદના ૧૦.૧૫૪ના પાંચ મંત્રો ભાવવૃત સૂક્ત છે. આ સૂક્ત થોડા ફેરફાર સાથે અથર્વવેદ ૧૮૦.૨ માં પણ આવેલ છે. ઋગ્વેદનું ૧૦.૮૫ સોમ-સૂર્યા સૂકત કે વિવાહ સૂક્તના નામે પણ ઓળખાય છે, એ પૂરેપૂરૂ થોડા ક્રમ બદલીને અથર્વવેદ ૧૪.૧માં આવેલ છે. ઋગ્વેદનું પુરુષ સૂક્ત ૧૦.૯૦ કેટલાંક ફેરફાર સાથે યજુર્વેદ અધ્યાય ૩૧ તથા અથર્વવેદ ૧૯.૬ માં પણ છે અને એના કેટલાંક મંત્રો સામવેદમાં પૂર્વાચિકના આરણ્ય પર્વમાં પણ છે. આ જ રીતે કેટલાંક અન્ય સૂકતો પણ હોઇ શકે.

(૨) કેટલાંક સ્થાને પૂરેપૂરા સૂકત પુનરુક્ત ન થઇને તેના ૨, ૩ કે વધુ મંત્રો તે જ ક્રમમાં વેદ કે અન્ય વેદોમાં આવેલા છે, જેમ કે, ઋગ્વેદના ૪.૩૧ના પહેલા ત્રણ મંત્ર એ જ ક્રમથી યજુર્વેદમાં અધ્યાય ૨૭.૩૯-૪૧, અધ્યાય ૩૬.૪-૬ બે સ્થાનો પર છે. સામવેદમાં ઉત્તરાર્ચિક, પ્રથમ પ્રપાઠકના તૃતીય ખંડમાં અને અથર્વવેદમાં કાંડ ૨૦

સૂક્ત ૧૨૪.૧-૩ માં આવેલા છે.

૩. ક્યાંક માત્ર એક મંત્ર જ પુનરુકત થયો છે, જેમ કે વગેરે. આ મંત્ર ગાયત્રી મંત્રના નામે ઓળખાય છે. આ ઋગ્વેદ અને સામવેદમાં એક-એક વખત અને યજુર્વેદમાં ત્રણ વખત આવ્યો છે. ઋ૦ ૩.૬૨.૧૦, યજુ૦ ૩.૩૫, ૨૨.૯, ૩૦.૨, સામ૦ ઉ.પ્ર. ૬.૬.૩. જો યજુર્વેદના ૩૬.૩ને પણ જોડવામાં આવે તો આ મંત્ર યજુર્વેદમાં ચાર વખત આવ્યો છે. ત્યાંનું એક ચરણ વધુ છે. આવા પુનરુક્ત મંત્ર ઘણી સંખ્યામાં છે.

(૪) ક્યાંક પૂરો મંત્ર પુનરુક્ત નહીં પરંતુ કેટલોક અંશ પુનરુકત થયો છે. આ અંશ ત્રણ ચરણ, બે કે ત્રણ ચરણ, એક ચરણથી ઓછા અને એક, બે કે ત્રણ ચરણ કરતા વધુ પણ હોઇ શકે. જેમ કે ઋગ્વેદ ૧.૨૯.૧ આ મંત્રનો ઉત્તરાર્ધ આ સૂક્તના સાતેય મંત્રોમાં આવેલ છે. ઋ૦ ૧.૯૭ના સૂક્તમાં પ્રત્યેક મંત્રમાં ની આવૃત્તિ થઇ. એવી જ પુનરાવૃત્તિ અન્ય સ્થળે પણ મળે છે.

(૫) એક જ ભાવ અનેક વખત પુનરુક્ત થયો છે, ભલે ભાષા અલગ હોય. જેમ કે ઇન્દ્ર વૃત્રોનો સંહારક, ઐશ્વર્યશાળી, મોટોદાની અને સોમરસ પીવાવાળો છે, અગ્નિ દેવતાનો દૂત, પ્રકાશમાન્, હવિનું ભક્ષણ કરવાવાળો અને દશવાનનું હિત કરવાવાળો, ઉષા દ્યુલોકની પુત્રી, જ્યોતિષ્મતી તથા અંધકાર દૂર કરનારી છે - વગેરે ભાવ વેદોમાં વારંવાર આવે છે. કોઇ એમ કહી શકે કે એક ભાવને એક જ વખત કહેવો પૂરતો હતો.

આ પ્રકારની પુતરુક્તિઓ વેદમાં જોવા મળે છે. આ પુતરુક્તિઓ સર્વથા દોષ રહિત છે. પ્રયોજન વિનાની નિરર્થક પુનરુક્તિ દોષપૂર્ણ માનવામાં આવતી નથી. વેદમાં જે પણ પુનર્વચનો મળે છે, તે બધાં પ્રયોજન યુક્ત અને સાર્થક છે.

સાર્થક પુનરુક્તિ કારણો : ૧. અર્થની વિશેષતા બતાવવી, ૨. ભિન્નતા પ્રગટ કરવી. ૩. કાવ્યશાસ્ત્રીય સિદ્ધાંત મુજબ અલંકારની યોજના, ૪. કોઇ અર્થતત્ત્વ ઉપર વિશેષ બળ આપવું, ૫. પ્રકરણ ભેદથી અર્થ ભિન્નતાનો બોધ કરવો, ૬. કોઇ વિશેષ પ્રકરણ તરફ ધ્યાન દોરવું અથવા વિશેષ અર્થતત્ત્વને અધ્યેતાના મન પર સારી રીતે બેસાડી દેવું વગેરે અનેક કારણો પુનરૂક્તિના હોય છે. વેદોમાં એક વાતને બરાબર રીતે સમજાવવા માટે, વિશેષ અર્થને સમજાવવા માટે, પ્રસંગ ભેદથી ભિન્ન અર્થનું જ્ઞાન કરાવવા માટે, કાવ્યની સુંદરતા માટે પુનરુક્તિઓ છે.

એક ઉપદેશક પોતાના જીવનકાળમાં એક જ ઉપદેશ અથવા કોઇ કથા સ્થાન ભેદ કે પ્રસંગ ભેદને કારણે હજારો વખત કરે છે, તો તે ઉપદેશ કે કથા આપણને પુનરુક્તિ નથી લાગતી. આપણે આપણાં જીવનમાં દરરોજ એક જ ? પુનરુક્ત લાગતા નથી. આપણે એક દિવસમાં કોઇ વ્યક્તિ, સ્થળ, વસ્તુના નામ ન જાણે કેટલી વખત લેતા રહીએ છીએ, એ આપણને પુનરુક્તિ લગતા નથી. પાણિનિ અષ્ટાધ્યાયીને જાણકારને સૂત્ર કે જે અષ્ટાધ્યાયીમાં આ જ શબ્દાનુપૂર્વીથી ૧૪ વખત લખવામાં આવેલ છે, તે પુનરુક્તિ નથી લગતું. ભાષા વિજ્ઞાનને બરાબર જાણનારા ઉપરોક્ત કારણોસર કહેવામાં આવેલ પુનર્વચનને દોષયુક્ત જણાતા નથી, પરંતુ આ પુનર્વચન (પુનરુક્ત)ને જરૂરી સમજે છે.

જ્યારે આપણે આ પ્રકારની પુનરક્તિને સહજતાથી લઇએ છીએ, સ્વીકારી લઇએ છીએ, તો પછી વેદમાં આવેલા પુનર્મન્ત્રોને શંકાની નજરે શા માટે જોઇએ છીએ, કારણ કે આપણે વેદની શૈલીથી પરિચિત નથી, વેદના અર્થની ગંભીરતાથી, વેદની કાવ્યશૈલીથી પરિચિત નથી, જેમ-જેમ એનાથી પરિચિત થતા જઇશું તેમ-તેમ આપણે વેદની પુનરુક્તિઓને દોષ રહિત જોવા સમર્થ થતા જઇશું.

આપે સામવેદના જે મંત્રો ટાંક્યા છે, કે જે સામવેદના પૂર્વાચિક અને ઉત્તરાર્ચિક એમ બંનેમાં આવેલા છે, તે બે વચન આવવાનો હેતુ મંત્ર સંખ્યા વધારવા માટે નથી, પરંતુ એના કારણો ઉપર જણાવ્યાં તે છે. પછી ભલે તે મંત્રોના ઋષિ, દેવતા, છન્દ એક જ હોય.

(ખ) વેદ મંત્રોના દ્દષ્ટાને દેવતા કહે છે. જે-જે મહાપુરુષોએ વેદ મંત્રોને પ્રથમ વખત સાક્ષાત્ કર્યા, અર્થાત્ તે મંત્રોનો અર્થ પ્રત્યક્ષ કર્યો, તે મહાપુરુષ તે મંત્રોના ઋષિ કહેવાયા તે જ ઋષિઓના નામ, તેમના દ્વારા પ્રત્યક્ષ કરેલા મંત્રોની સાથે જોડવામાં આવ્યા, જે નામ આજ સુધી પરંપરાથી તે મંત્રો સાથે આપણને જોવા મળે છે.

આપનું કહેવું છે કે અગ્નિ, વાયુ, આદિત્ય, અંગિરા ઋષિના નામ વેદોની સાથે જોડાયેલા કેમ નથી, પરમેશ્વરે તો આ જ ઋષિઓને પ્રથમ વખત વેદોનું જ્ઞાન આપ્યું હતું.

અગ્નિ વગેરે ઋષિઓના નામ મંત્રો સાથે ભલે ન હોય, પરંતુ મૂળ વેદ સંહિતાઓ સાથે મોટા અક્ષરો સાથે તો મળે છે, વેદભાષ્યના ગ્રન્થોમાં પ્રાયઃ જોવા મળતા નથી. કોઇ પ્રકાશક દ્વારા ભૂલથી છાપવાનું રહી જાય તે જુદી બાબત છે. આપ એવું ઇચ્છો છો કે જેવી રીતે વેદ ભાષ્ય કર્તાઓના નામ મળે છે તેમ જ વેદ ભાષ્યના ગ્રન્થોમાં પણ અંગિરા વગેરે ઋષિઓના નામ પણ હોવા જોઇએ. એમ થઇ શકે. આ બાબત ભાષ્ય ગ્રન્થોનાં સંપાદક, ભાષ્યકાર અને પ્રકાશક ઉપર નિર્ભર રહે છે, જો તેઓ આ અંગે ધ્યાન આપે તો થઇ શકે. આપને વેદભાષ્ય ગ્રન્થો પર આદિત્ય વગેરે ઋષિઓના નામ ન જોવા મળે, એનું કારણ એ ક્યારેય નથી જણાતું કે કોઇ દુર્ભાવનાથી ઋષિઓના નામ ન આપ્યા હોય, માત્ર એટલા માટે કે આ બાબતને વધુ મહત્વપૂર્ણ ન સમજી હોય અથવા આ તરફ ધ્યાન ન ગયું હોય. આમ પણ વેદ સાથે સંબંધ રાખનારા પ્રાયઃ એ જાણે છે કે ક્યો વેદ ક્યા ઋષિથી જોડાયેલો છે, આવા લોકો માટે વેદના નામ ઋષિઓના નામ લખવા જરૂરી નથી. હા, સામાન્ય લોકો માટે નામ રાખી શકાય. એ જે ઋષિ જે વેદોનું જ્ઞાન મેળવ્યું તે ઋષિનુ નામ તે વેદ સાથે જોવા મળે છે. તે ઋષિઓએ પરમેશ્વરના ઉપકારથી પૂર્ણ વેદનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ, આથી એક-એક મંત્રની સાથે તેઓનું નામ ન રાખતા પૂરી વેદસંહિતા સાથે તેમનું નામ જોવા મળે છે.

આપને જણાવી દઇએ કે જે મંત્રોની સાથે ઋષિઓના નામ જોવા મળે છે, તે નામ પ્રાયઃ તેમના વાસ્તવિક ન હોઇને ગૌણિક નામ છે. અનેક ઋષિઓના નામ તેમના ગોત્રના આધારે જોવા મળે છે. અને અનેક નામ મંત્રાર્થને પ્રત્યક્ષ કરવાથી અર્થાત્ તે મંત્રના વિષયના આધારે અને અનેકના નામ મંત્રમાં આવેલા શબ્દોના આધારે જોવા મળે છે.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

ગતાંકથી આગળ - પં. રુચિરામ આર્યોપદેશક

કરાંચીને નમસ્કાર કરી મેં અહીંથી યાત્રા આગળ વધારી છ કલાક ચાલ્યા પછી હું હબ નદીના કિનારે પહોંચ્યો. આ નદી ઊંડી નથી. ઊંટ, બળદ અને માણસો હોડી વિના આ નદી પર કરી દે છે. હું પણ નદી ઓળંગી ગયો. નદીને પેલે પાર એક નાનું ગામ અને પોલીસ થાણુ છે, જે હબ નદીના નામે પ્રસિદ્ધ છે. અહીં પોલીસ અધિકારીએ પાસપોર્ટ અંગે પૂછ્યું. મારી પાસે પાસપોર્ટ હોય તો આપુ નેં ! મને કરાંચી પાછા જવાનો આદેશ થયો. કેટલી મહેનત પછી બપોરના સખ્ત તાપમાં અહીં સુધી પહોંચ્યો હતો, અહીંથી પાછા જવું એનાથી પણ મુશ્કેલ લાગવા માંડયું, મેં પોલીસ અધિકારીને કહ્યું કે સાંજ પડવા દો, હું કરાંચી પાછો ચાલ્યો જઇશ, તેમણે મને ચેતવણી આપીને કહ્યું કે કરાંચીથી પાસપોર્ટ લઇને જ આવજે અને પછી થાણામાં પંદર દિવસ સુધી રોકાજે કારણ એ હતું સિંધમાં રોગચાળો ફેલાયેલો છે. આથી સીમાપાર કરવાવાળાઓએ પંદર દિવસ સુધી તબીબી પરીક્ષણ માટે રોકાવું પડતુ હતું. પોલીસ અધિકારીએ એ પણ જણાવ્યું કે આ ચોકીમાંથી છૂપાઇને ભાગી જવાનું દુઃસાહસ ન કરતો કારણ કે જો અહીંથી ભાગીને બીજી ચોકીમાં પકડાય જઇશ તો ગોળી મારી દેવામાં આવશે. અહીંથી ઉરમારા સુધી ૧૭ ચોકીઓ છે. આ પહેલી ચોકીએથી પાસપોર્ટ વિના આવનારને પાછા મોકલી દેવામાં આવે છે. બીજી ચોકીએ પકડાઇ જવાથી ગોળી મારી દેવામાં આવે છે. કારણ કે એ રીતે આવનારને બીજા દેશનો જાસુસ હોવાની શંકા કરવામાં આવે છે.

મેં આ બધું સાંભળ્યું અને અરબ જવાની તૈયારી શરૂ કરી. ત્યાં એક વેપારી પાસેથી મેં કેટલુંક કાપડ ખરીદ્યું, જેનો મુસાફરી માટેનો એક થેલો બનાવડાવ્યો. તેમાં એક ચાંદીની દાબડી, થોડાક ચોખા, લોટ, ચા, ખાંડ, મીઠું, મરચું, દીવાસળી અને એક શીશી ઘી લીધું. થોડાક બિસ્કીટ પણ લીધાં. અને રસોઇ બનાવવાનો તમામ સમાન થેલામાં રાખી દીધો. હાથમાં એક લાઠી અને ચાની કીટલી લીધી. કપડાંની મશકમાં પાણી લીધું કારણ કે મશકમાં પાણી ઠંડુ રહે છે.

સૂર્યાસ્ત થવાનો હતો, પોલીસ અધિકારીએ મને કરાંચી પાછા જવાનું કહ્યું, હું ત્યાંથી પરત જવા નીકળ્યો. જ્યારે અંધારું થયું ત્યારે હું હબ નદીના કિનારે પહોંચી ગયો અને નદીના કિનારે-કિનારે ચાલીને ગામ-શહેરથી દૂર રહીને બે માઇલ ઉત્તર બાજુ ચાલ્યો ગયો. એક સ્થળે મેં જોયું કે કૂતરા ભસે છે અને આછા પ્રકાશમાં એક ગામ પણ દેખાયું. રાત અંધારી હતી. આકાશમાં વાદળાં છવાયેલા હતાં. કોઇ ખાસ રસ્તો ન હતો. જંગલમાં જાત-જાતના ઝાડવાં હતાં. અનુમાન કર્યુ કે હજુ સૂર્યોદય થવામાં લગભગ અડધો કલાક બાકી છે. સવાર પડતા જ મને લોકોનો સમૂહ મળ્યો. જે સોનમિયાનીથી હબ નદી તરફ આવી રહ્યો હતો. મારો ભારતીય પહેરવેશ જોઇને બધાં મને એમ જ કહેતાં હતાં કે બીજા પોલીસ થાણા પહોંચતા જ તમને મારી નાખશે. એ સમૂહ આગળ ચાલ્યો ગયો. મેં ઝડપથી કેટલાંક લાકડાં ભેગા કરીને આગ પ્રગટાવી

અને ચા બનાવી. એટલામાં એક વૃદ્ધ બ્લોચ કે જે પેલા કાફલાની પાછળ-પાછળ ચાલતો આવતો હતો, તે આગ પાસે આવીને બેસી ગયો અને પોતાની ચલમભરીને પીવા લાગ્યો. મેં થોડા બિસ્કીટ અને ચાનો પ્યાલો ભરીને આપ્યા. એથી ખૂબ ખુશ થયો. એણે અરમારા સુધી રસ્તામાં આવતા સત્તર પોલીસ થાણાથી કેમ બચવું તેનો ઉપાય બતાવ્યો. તેણે પોતાના કપડાં મને પહેરાવી દીધાં અને મારા કપડાં તેણે પહેરી લીધાં. મારી દાઢી પણ વધી ચૂકી હતી. માથા પર એક જૂની તુર્કી ટોપી , તેના પર એક ત્રિકોણી રૂમાલ અને કોટને સ્થાને શેરવાની હતી. ધોતીના બદલે પાયજામો આવી ગયો. પગમાં ચંપલ હતા. આ જ પહેરવેશમાં હું બીજા જ દિવસે ચાલ્યો અને એક થાણું વટાવીને ત્રીજે દિવસે સોનમિયાની પહોંચી ગયો.

આ દિવસોમાં વરસાદ થઇ જવાથી રસ્તામાં પાણી દરેક જગ્યાએ મળી જતુ હતું. હું મારું ભોજન જાતે જ બનાવી લેતો હતો અને ત્યાં જ પાણી ગાળીને પી લેતો, જો રાત્રિ થતા જંગલ આવી જતું તો સૂર્યાસ્ત પહેલાં જ કોઇ સ્થાને રોકાઇ જતો અને કેટલાંક લાકડા એકઠા કરી લેતો, જે રાત્રે સળગાવતો. કારણ કે જંગલી જાનવર અગ્નિથી દૂર રહે છે. ચોખા પકાવીને ખાતો અને ચા પીને સૂઇ જતો. જેટલો સામાન સાથે લાવ્યો હતો તે હવે પૂરો થઇ ગયો હતો. સોનમિયાની પાસે બકરી ચરાવનારા પાસે વધુ સામાન મંગાવ્યો. અહીં એક થાણુ પણ છે, જેથી બે માઇલ જેટલા દૂરનું ચક્કર લગાવીને આગળ નીકળી ગયો.

સોનમિયાનીથી એક દિવસ જ ચાલ્યો ત્યાં માર્ગ ભૂલાઇ ગયો. રાત્રે કૂતરાનાં ભસવાનો અવાજ સાંભળીને જાણ થઇ કે નજીકમાં ગામ છે, ત્યાં પહોંચ્યો. બલુચી લોકો કે જેઓ બકરાં ચરાવે છે તેઓ પહાડની ઓથે હતાં. મને આવતો જોઇ તેઓ ઊભા થઇ ગયા. ભસતા કૂતરાને તેઓએ પકડી લીધો અને મને પહાડની કંદરામાં લઇ ગયા. મને બકરીનું દૂધ પાયું. તેમની સ્ત્રીઓ ઘંટીમાં અનાજ દળવા લાગી અને ઝડપથી જુવારનો દલિયો રાંધ્યો. બલુચી લોકો જુવાર કે બાજરાનો દલિયો બહુ પસંદ કરે છે અને રોટલી પણ આની જ બનાવે છે. હું સોનમિયાનીથી આગળ ચાલ્યો. કેટલાંય થાણાથી બચતો બચતો ત્રણ દિવસે લિયારી પહોંચી ગયો. રસ્તામાં કોઇ સારી સડક નથી. મેદાન મોટાભાગે પહાડી છે, વૃક્ષો પણ ખૂબ છે. જંગલી પશુઓ પહાડી કોતરોમાં છૂપાઇ રહે છે. લિયારીમાં એક થાણુ છે તેનાથી પણ બચીને નીકળી ગયો અને સમુદ્ર કિનારે એક માછીમાર પાસે જરૂરી વસ્તુઓ મંગાવી લીધી. ત્યાંથી ચાલીને અનેક થાણાંથી બચતો-બચતો આઠ દિવસે અરમારા નજીક પહોંચી ગયો. માત્ર પાંચ માઇલ બાકી હતા. રસ્તાથી દૂર જઇને ભોજન બનાવવા લાગ્યો. એટલામાં એક ઊંટ સવાર સિપાઇ રેકી કરવા નીકળેલો. તે મને જોઇને નજીક આવ્યો. અને દૂરથી રાડ પાડી - પાસપોર્ટ બતાવો. મેં તુરંત પેલું કાર્ડ બતાવી દીધું. તેણે જોઇને કહ્યું - બરાબર છે. આ પાસપોર્ટ મોટર માર્ગનો છે. કારણ કે હાલ ક્યારેક મોટરકારો પણ અહીં ચાલે છે. પરંતુ

ક્રમશઃ....



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

અંધ વિશ્વાસ - **કોઇ કાર્ય માટે ઘરની બહાર નીકળતી વખતે પાણી ભરીને આવતી પનિહારી સામે મળે તો શુભ પરંતુ ખાલી બેડા સાથે મળે તો અશુભ ગણાય.**

નિવારણ - જે લોકોને પોતાના માનસિક અને આત્મિક બળ ઉપર વિશ્વાસ હોય છે. તેઓ આ પ્રકારની માન્યતાઓમાં ફંસાતા નથી. ઘડો પાણીથી ભરેલો હોય કે ખાલી હોય, એનો પ્રભાવ આપણાં કાર્ય પર પડતો નથી.

આશાવાદી વ્યક્તિ હંમેશા પોતાના કર્મો ઉપર ધ્યાન આપે છે. એનાથી ઉલ્ટુ નિરાશાવાદી વ્યક્તિ માત્ર અશુભ વાતોમાં પોતાનો અમૂલ્ય સમય વેડફે છે. માનો કે કોઇ કળશ કે પાત્ર અડધો પાણીથી ભરેલ હોય તો તે જોનારના દૃષ્ટિકોણ પર આધાર રાખે છે કે ઘડાને કઇ રીતે જુએ છે. આશાવાદીની નજરમાં તે ઘડો અડધો ભરેલો દેખાશે અને નિરાશાવાદી વ્યક્તિને અડધો ખાલી દેખાશે. આ તો દરેકની પોત-પોતાની માનસિકતા છે જે આગળ જતા સ્વભાવ બની જાય છે.

તમે કોઇ કાર્ય માટે જઇ રહ્યા છો અને ખાલી કળશ કે પાત્ર જોવા મળે તો એનાથી તમારા કાર્યમાં કોઇ પ્રકારની અડચણ આવી શકતી નથી. આવી બાબતોમાં વહેમ રાખવો એ અંધવિશ્વાસ છે. માની લો કે પૂરો ભરેલો કળશ કે પાત્ર તમારા ઉપર ઢોળાઇ જાય તો શું એ શુભ હશે?

કોઇ વ્યક્તિ જ્યારે કોઇ કામ માટે બહાર જવા નીકળે અને તેને પાણી ભરેલ ઘડો લઇ આવતી પનિહારી મળે તો કોઇ એવી ખાત્રી આપી શકાય કે કામ સફળ જ થઇ જશે? વ્યક્તિના કામની સફળતા કે નિષ્ફળતા એ વ્યક્તિની યોગ્યતા અને પરિશ્રમ પર આધારિત છે. જે વ્યક્તિ પરિશ્રમમાં વિશ્વાસ રાખે છે, તે એ બાબતની ચિંતા નથી કરતી કે સામે પાણી ભરેલો ઘડો દેખાય છે કે ખાલી ઘડો. તે વ્યક્તિ તો આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે. અને તે આત્મવિશ્વાસ જ તેને સફળતા અપાવે છે. આથી ખાલી કે ભરેલા કળશના ચક્કરમાં ન પડો મન લગાવીને કામ કરો, આપને સફળતા જરૂર મળશે.

## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

શાસ્ત્રાર્થ ગતાંકથી ચાલુ.....



| | | |
|---|---|---|
| નામ | : | શાસ્ત્રાર્થ અજમેર |
| સ્થાન | : | અજમેર |
| સમય | : | સંવત્ ૧૯૩૫ માગશર સુદ-૫,<br>તા. ૨૮ નવેમ્બર ૧૮૫૯, સોમવાર |
| પ્રકાશન | : | દયાનંદ શાસ્ત્રાર્થ સંગ્રહ, રામલાલ કપૂર ટ્રસ્ટ,<br>ઋષિ દયાનંદ સરસ્વતી કે શાસ્ત્રાર્થ ઔર પ્રવચન |
| સંપાદક | : | ડૉ. ભવાનીલાલ ભારતીય |





## પિતૃ નડતર એક અજ્ઞાત ભય!

# એઈડ્સનો ઓળિયો ધોળીયો પિતૃ માથે...

- બળદેવભાઈ ઓઝા

વિનોદ મણીમાનો એકનો એક દીકરો. બાપા લાખોની મિલ્કત મૂકીને થોડા સમય પહેલાં સ્વર્ગવાસી થયા. કાચી ઉંમરમાં લાખોની સંપત્તિ અને ધીકતો ધંધો વિનોદને નશીબ થયો. વિનોદ મૂળે શોખીન જીવડો. રંગીલો સ્વભાવ.

'ભાઇ વિનોદ, તારા બાપુજી લાખોનો કારોબાર કરતા હતા. મુંબઇ પૂના સાથે વેપાર હતો. પણ ભાગ્યે જ મુંબઇ જતા. અને તું તો છાછવારે મુંબઇ દોડે છે. ધંધા માટે જાય એ તો ઠીક છે. પણ અઠવાડીયું પંદર દિવસ રોકાય છે. અહીં કારોબાર મેનેજર, મુનીમના ભરોશે ચાલે છે. આ બરાબર નથી.'

બળદેવભાઇ, તમે નોકરીયાત માણસ. ભલેને મોટા ઓફિસર હોય. ધંધાની વાતમાં તમને શું સમજ પડે! બાપુજીનો સમય જુદો હતો. આજકાલ હરીફાઇમાં ટકવા માટે....'

'તે બાપુજીને હરીફાઇ નહીં નડતી હોય?'

વિનોદ કંટાળી ગયો.

હવે એ બધી વાત જવા દો. હું મારી રીતે જીવવાવાળો માણસ છું. મારી બોલતી બંધ કરીને તે ચાલ્યો ગયો. મે વણમાંગી શિખામણ આપી એથી એ નારાજ થયો. મારી સાથે સંબંધ ઓછો કર્યો. હું પણ વિનોદને ભૂલી ગયો.

પાંચેક વર્ષ વિતી ગયા. એક દિવસ મણીમાં ઘેર આવ્યા. નંખાઇ ગયેલ ચહેરે રડતા બોલ્યા,

'ભાઇ બળદેવ, આ વિનોદને શું થયું છે ? દિવસે દિવસે નંખાતો જાય છે. ભૂખ નથી. નીંદર નથી. મગજ ચકરાવે ચડયું હોય એમ વાતે વાતે ખીજાય છે. મને તો બહુ ચિંતા થાય છે. તું જરા એને પૂછજે તો ખરો, શું થયું છે એને?'

મોટાઇ અને ખૂમારીનો માર્યો મારાથી છુટો પડેલ મિત્ર આજે તકલીફમાં છે એ જાણીને હું વિનોદને ઘરે ગયો. એકાંતમાં મળ્યો. મરેલી ઘોની જેમ નંખાઇ ગયેલ વિનોદને જોઇ મને દુઃખ થયું. ગયો શું દરદ હશે?

'ભાઇ વિનોદ, તું એકાએક આવો કેમ થઇ ગયો? શું દરદ છે ?' થોડી વાર ચૂપ રહ્યો. પછી આડુ અવળું જોઇને ધીરેથી કહ્યું,

'બળદેવભાઇ, મારા કરમ મને નડયા છે. મને એઇડ્સ આભડયો છે. ન કહેવાય ના સહેવાય.'

મારી શંકા સાચી પડી. મેં ચોખ્ખીચટ વાત કરી,

'તું ધંધાના બહાને પંદર પંદર દિવસ મુંબઇ પડયો રહેતો એ કરમ નડયા. સાચી વાત ને ?'

'હા. બળદેવભાઇ તમારી આગળ શું છુપાવવું! એ જે થયું તે પણ હવે શું? આ દરદ બદનામી અપાવે એવું દરદ છે. લોકોને જાણ થાય તો સમાજમાં...'

'એ વાત તો ખરી. તું બાપાના રસ્તે ચાલ્યો હોત તો તારી આ દશા ન હોત. તે પિતૃઋણ....'

એના મનમાં કંઇક ઝબકારો થયો. એ સફાળો બેઠો થયો. મને કહે,

'મારે એક ખાસ કામે જવું છે. આપણે પછી મળીશું.'

આઠમે દિવસે મણીમાં કંકોત્રી લઇને આવ્યા. પિતૃતર્પણ વિધિની કંકોત્રી હતી. ભૂવાના નામની સાથે યજ્ઞનો સમય વગેરે વિગતો હતી. મેં પૂછ્યું.

'મણીમાં, એકાએક પિતૃતર્પણની વિધિ કરવાની શી જરૂર પડી?'

'ભાઇ, તને તો ખબર છે, મારા વિનોદને કોઇ જાતનું વ્યસન નથી. ખાધેપીધે ભગવાનની મહેરબાની છે. તેમ છતા શરીર ઓગળતું જાય છે ભૂવાને વાત કરી. પિતૃ નડતરનું નીકળ્યું. પિતૃતર્પણ વિધિ કરવાથી સારું થઇ જશે એમ ભૂવા કહે છે.'

'પણ માજી, રોગ ડોક્ટરની દવાથી દૂર થાય. એને શું રોગ છે એ ડોકટરને પૂછો? ભૂવા શું કરે ?'

'મારા વિનોદને નખમાયે રોગ નથી. પિતૃ જ નડે છે. બીજુ કાંઇ નથી. તને ખબર ન હોય પણ પિતૃ નડે એવું કોઇ નો નડે.'

મણીમાની તો મને ખબર નથી, વિનોદ પોતે જાણતો હતો કે એને એચ. આઇ. વી. એઇડ્સ છે. આ રોગ પિતૃને કારણે થયો છે કે પોતાના અપલખણે એ જાણતો હતો. એઇડસ એટલી હદે વકર્યો છે કે હવે એ બચવાનો નથી, એવી ખાતરી છે. પણ એઇડ્સના રોગથી વિનોદ મર્યો! દુનિયા જાણે તો કેવી બદનામી થાય!

ભૂવાએ આબાદ રસ્તો સૂઝાડયો. પિતૃ નડતર.

વિધિ થયાના પંદર દિવસમાં વિનોદનું મૃત્યું એઇડસના કારણે થયું. હું જાણતો હતો. વિનોદનું મૃત્યુ એઇડસના કારણે થયું છે.

મણીમાંએ પોક મૂકીને જાહેરાત કરી,

'મારા એકના એક પાંચમાં પૂછાય એવા વિનોદીને પિતૃ ભરખી ગયા. અરેરે ! પિતૃ નડતર બહુ ભૂંડુ છે. ભાઇ! કોઇ કારી નો ફાવી.'

પિતૃ નડતર અને એને દૂર કરવાની પ્રથા ક્યારથી, કોણે અને ક્યા હેતુથી ચાલુ કરી હશે એની આપણને ખબર નથી. ભ્રષ્ટ આચરણ, કૌભાંડ, અનાચાર અને અણઆવડથી જાતે વહોરી લીધેલા રોગદોગ અને વિડંબણાનો ગાળીયો બીજી કોઇ જીવિત વ્યક્તિ પર નાખીએ તો કોઇ માને નહીં. ઝગડવાનું પણ થાય. આવા પાપનું આળ પિતૃ ઉપર નાખવામાં પૂરી સલામતિ છે. આપણા પોતાના પિતૃ ભલેને બદનામ થાય. આપણી આબરૂ જળવાઇ રહે. પિતૃ બિચારા ક્યાં બાઝવા આવવાના છે?

જન સામાન્યને ઉપયોગી કોઇ પણ નવીન શોધને વિજ્ઞાનની ભાષામાં ટેકનોલોજી કહે છે. પિતૃ નડતર અને એને લાગતી વિધિની ટેકનોલોજી માત્ર ભારતમાં

જ વિકાસાવી શક્યા નથી. દુનિયાના ઘણા દેશો આજે એકવીસમી સદીમાં પણ એવું માને છે કે મનુષ્યની ચડતી પડતી આધાર એના પુરૂષાર્થ અને આવડત પર નિર્ભર છે!

આપણા ઇલમી અને વિદ્વાન ભૂવાઓનો હવાલો આપીને આપણે અમને સમજાવવાનું છે. પિતૃ નડે એવું કોઇ ના નડે. અમને અમારા પિતૃ નડયા ન હોત તો આજે અમારો ભારત દેશ નંબર વન મહાસતા હોત!

## નવરાત્રિ અને દેવીપૂજા

નવરાત્રિ પર્વમાં પરંપરાગત ગરબા ગાઇ દેવીઓની સ્તુતિ કરવામાં આવે છે. રાક્ષસી વૃતિ ધરાવતા તત્વોનો નાશ કરવા જ્યારે પુરુષો અસમર્થ બન્યાં ત્યારે નારીશક્તિએ હથિયાર હાથમાં લીધાં અને સમાજને પીડતાં અસુરોને ખત્મ કરી નિર્ભયતા સ્થાપિત કરી. આવી નારીઓને આપણે દેવી તરીકે સ્થાન આપ્યું. પૌરાણિક કાળમાં ચમત્કારોનો પ્રચાર વધ્યો. દેવીઓના નામે પણ અશક્ય એવાં ચમત્કારો જોડવામાં આવ્યાં. પુરુષાર્થહીન લોકોને ચમત્કારોમાં વધુ રસ હોય છે. આમ નારીશક્તિની સ્તુતિના દિવસો નવરાત્રિમાં ઇતિહાસને વાગોળવાના બદલે તાળીઓ પાડી રાસડા લેવા, આધુનિકતા પ્રમાણે ડીસ્કોદાંડીયા અને ફેશન શોની જેમ નારીજાતની મશ્કરી કરવાનું શરૂ થયું. સમજુ માતા-પિતાને પોતાની દીકરીને નવરાત્રિ પર્વમાં ભાગ લેવડાવતા પણ વિચાર કરવો પડે એવી સ્થિતિએ આપણે પહોંચી ગયા છીએ. અને આ બધું પાછુ સંસ્કૃતિ ના નામે ચાલતું રહે છે. વિરાંગના નારીઓએ પોતાનું કૌવત બતાવ્યું એ કાળ કરતાં પણ આજે કપરોપકાળ આવ્યો છે. આસુરી તત્વોએ સમગ્ર વિશ્વને બાનમાં પકડયું છે. નારીઓના અપહરણ એક સામાન્ય ઘટના બની ગઇ છે. ભય (આતંક)નું સામ્રાજ્ય ચોતરફ ફેલાઇ ગયું છે. જે ગુજરાતમાં નવરાત્રિને ખૂબ મહત્વ આપવામાં આવે છે. એ ગુજરાત અને સમગ્ર દેશમાં હવે રાક્ષસ્તવૃત્તિ ધરાવતા નાપાક તત્વોના વિકરાળ પંજામાં ફંસાવવા લાગ્યું છે. આવા સમયે નવરાત્રિ પર્વ આયોજકો નિર્માલ્યપણુ વધારવતા કાર્યક્રમો યોજવાના બદલે પ્રજાનો જુસ્સો વધારતા કાર્યક્રમો-પ્રવચનો ગોઠવાશે તો મોટી રાષ્ટ્રભક્તિ થઇ ગણાશે.

- હસમુખ પરમાર

# વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થ પ્રકાશ વાંચો...




# નું ગતિશીલ આર્યજગત

## પૂર પીડિતો માટે આર્યસમાજો દ્વારા પ્રશંસનીય સેવા કાર્ય

ગત દિવસોમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં અતિવૃષ્ટિ અને પૂર પ્રકોપથી માનવ જાનહાનિ, પશુઓના મૃત્યુ, ખેતરોના ધોવાણ, રોડ-રસ્તાઓને નુકશાન સહિત હજારો લોકોના મકાનો, ઘર-વખરી વગેરેનું ભારે નુકશાન થયેલ છે. જેમાં ઉત્તર ગુજરાત ક્ષેત્ર વિશેષ પ્રભાવિત થયેલ છે. સરકારી તંત્ર દ્વારા ત્વરિત પગલા લેવાતા વધુ જાનહાનિ થતા અટકી ગયેલ પરંતુ પૂરના કારણે અન્ય નુકશાની ખૂબ થયેલ છે. હજારો લોકો નિરાધાર બની ગયેલ છે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા રાહત કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તેમાં વિવિધ સેવાભાવી સંસ્થાઓએ પણ પોતાની ફરજ બજાવવામાં પાછીપાની કરેલ નથી.

આર્યસમાજે પોતાના સ્થાપના કાળથી પ્રાકૃતિક વિપત્તિમાં સેવા-સહાયતામાં અગ્રણી ભૂમિકા ભજવી છે. કચ્છમાં આવેલા ભૂકંપ સમયે તેમજ અન્ય વિપત્તિ વેળાએ તન-મન-ધનથી કર્તવ્ય પાલન કરેલ છે. તે જ રીતે તાજેતરમાં થયેલ અતિવૃષ્ટિમાં પીડિતોની સહાયતા માટે પણ પ્રાંતીય સભાના નિર્દેશનો ગુજરાતની અનેક આર્યસમાજોએ અમલ કરી સેવા કાર્યમાં ઝંપલાવી દીધું હતું. આર્યસમાજો દ્વારા થયેલ સેવા સહાયતા કાર્યના સંક્ષિપ્ત સમાચાર આ મુજબ છે.



આર્યસમાજ સુરેન્દ્રનગર દ્વારા રાહત સામગ્રી (રાશન), કપડાં, દવાઓ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી આર્યબંધુજીના નેતૃત્વમાં આર્યવીરોએ સેવામાં યોગદાન આપ્યું. ડીસાને મુખ્ય કેન્દ્ર બનાવી ધાનેરા અને આસ-પાસના ગામોમાં સંપર્ક કરી રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું.

આર્યસમાજ સુરેન્દ્રનગર દ્વારા બે વખત આઠ-આઠ દિવસો સુધી પૂરગ્રસ્ત વિસ્તારોમાં રોકાણ કરી ખાસ પ્રકારની સામગ્રીથી વાયુ શુદ્ધિ યજ્ઞ પણ કરવામાં આવ્યાં. સુરેન્દ્રનગરની વિવિધ સંસ્થાઓના સહયોગથી આશરે ૩ લાખ રૂપિયાની રાહત સામગ્રી વિતરીત થઇ.

આર્યસમાજ ગાંધીધામ દ્વારા શ્રી વાચોનિધિજીના નેતૃત્વમાં રાશન, ગાંઠીયા, બુંદી, થેપલાં, બિસ્કીટ, ફરસાણ વગેરે તથા પાણીના પાઉચ, ધાબળા, તાલપત્રી વગેરેનું થરા, ખારિયા, લાખણી, ધાનેરા વગેરે ક્ષેત્રમાં વિતરણ કરવામાં આવ્યું.

આર્યસમાજ કાંકરિયા અમદાવાદ અને વૈદિક સંસ્થાન ઓઢવ દ્વારા સંયુક્ત રીતે કાર્યકર્તાઓ દ્વારા રાહત સામગ્રી વિતરીત કરવામાં આવી. રાહત સામગ્રીમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરપીડિતોને આપવામાં આવી. અમદાવાદથી બે વખત અલગ-અલગ ટીમ બનાસકાંઠા ક્ષેત્રમાં સેવા આપવા પહોંચી અને જરૂરી સામગ્રી વિતરીત કરી. તેમજ શ્રી સુરેશચંદ્રજી (સભાપ્રધાન)એ ૨૫ કિલો ઘી પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ માટે ભેંટ આપ્યું.

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા રાહત સામગ્રીનું વિતરણ સ્થાનિક જિલ્લ કલેકટર મારફત તેમજ સમાજના કાર્યકરોએ પૂરગ્રસ્ત ક્ષેત્રમાં જઇને કર્યુ. જેમાં રાશન, કપડાં, દવાઓ, પાણી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું.

આર્યસમાજ, ભટાર રોડ, સુરત દ્વારા ડૉ. ઉમાશંકરજીના નેતૃત્વમાં વાટણા અને બનાસકાંઠાના અનેક ગામડાંઓ જેવેં કે સમી, ગુલરધામ, જબરપુરા, દાદર,



રાજોપુર, ગોતરકા, નાની પીપર, મોટી પીપર, રાધનપુર, ગોતનાથ, આથાયન વગેરેમાં રાશન, કપડાં, દાવાઓ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ દરેક ગામમાં વાયુ શુદ્ધિ યજ્ઞ કરવામાં આવ્યાં. યજ્ઞ માટે ખાસ પ્રકારની સામગ્રી બનાવવામાં આવી. સામગ્રીમાં જવ, તલ, અગર, તગર, જાવિત્રી, લીંબોળી, ગળો, ગુગળ વગેરે ભેળવવામાં આવ્યાં. તેમજ ગાયના ઘીની આહુતિ આપવામાં આવી. આહુતિ આપવા લોકો ઉત્સાહપૂર્વક આવતા હતાં. દરેક ગામનાં સરપંચનો અને અન્ય આગેવાનોનો સારો સહયોગ મળ્યો.



આર્યસમાજ, હાથીખાના, રાજકોટ દ્વારા શ્રી રણજીતસિંહ પરમારના નેતૃત્વમાં રાહત સામગ્રી અને યજ્ઞની ખાસ પ્રકારની સામગ્રી તથા ગાયનું ઘી લઇને કાર્યકર્તાઓની ટીમ પૂરગ્રસ્ત ક્ષેત્રમાં સેવા કાર્ય માટે પહોંચી ગઇ હતી. બનાસકાંઠાના ડીસા, ધાનેરા તથા આસપાસનાં ગામડાઓમાં રાહત સામગ્રીનું વિતરણ કરી પર્યાવરણ શુદ્ધિ યજ્ઞ કરવામાં આવ્યાં અને સ્થાનિક લોકોને યજ્ઞનું મહત્વ સમજાવવામાં આવ્યું.

આર્યસમાજ, ટંકારાના આર્યવીર પરેશભાઇ કોરીંગાના નેતૃત્વમાં બનાસકાંઠા પૂરપીડિત ગામોમાં મેડિકલ કેમ્પ લગાવવામાં આવ્યો. જેમાં લોકોનું નિદાન અને ઉપચાર અર્થે ડૉ. જીવાણી (મોરબી) આર્યવીરોની ટીમ સાથે ગયા હતા. આર્યવીર દળ ટંકારા દ્વારા લગભગ રૂા. ૪૦,૦૦૦/-ની દવાઓ લોકોને આપવામાં આવી. દૂષિત પાણીના કારણે લોકોમાં ચામડીના દર્દોનું પ્રમાણ વિશેષ જોવા મળ્યું. આ સેવા કાર્યથી લોકો પ્રભાવિત થયા અને આશીર્વાદ વરસવા લાગ્યા. લાગણીસભર દૃશ્યો જોવા મળ્યાં.

મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ, ટંકારા દ્વારા અધ્યાપકશ્રી ચંદ્રગુપ્તના નેતૃત્વમાં બનાસકાંઠા વિસ્તારમાં પર્યાવરણ શુદ્ધિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. લોકોના હાથે આહુતિઓ આપવામાં આવી. તેમજ યજ્ઞનું મહત્વ સમજાવવામાં આવ્યું.

આ ઉપરાંત અન્ય આર્યસંસ્થાઓ દ્વારા પણ સેવા કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ મળ્યો, જેનો પ્રાંતીય સભા આભાર માને છે.

## શ્રી નથુભાઈ ડોડિયા દ્વારા પૂ. મોરારિબાપુને વેદ અર્પણ કરાયા.

ગત દિવસોમાં પ્રખર રામાયણી પૂ. મોરારિબાપુના સાનિધ્યમાં સંસ્કૃત સત્રનું આયોજન કરાયું હતું. જેમાં સંસ્કૃતજ્ઞ સન્નારીઓને બિરદાવવામાં આવેલ હતાં. આ પ્રસંગે શ્રી નાથુભાઇ ડોડિયા દ્વારા આ વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા પ્રસિદ્ધ ગુજરાતી ભાષાંતરના વેદોનાં સેટ અર્પણ કરવામાં આવેલ હતાં. આ ભેંટ સ્વીકારતા પૂ. મોરારિબાપુએ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને વાનપ્રસ્થ આશ્રમ તથા આર્યસમાજ અને મહર્ષિ દયાનંદનું ઋણ સ્વીકાર કર્યુ હતું.

# પંડિત શ્યામજી કૃષ્ણવર્માના સહધર્મિણી શ્રીમતી ભાનુમતિના ૮૪મી પુણ્યતિથિએ મહિલા સંમેલન યોજાયું...



મહર્ષિ દયાનંદના માનસપુત્ર, ક્રાંતિકારીઓના પ્રેરણા સ્રોત, સંસ્કૃત ભાષાના વિદ્વાન પં. શ્યામજી કૃષ્ણવર્માના જીવન અને કાર્યને સામાન્ય જન સુધી પહોંચાડવા માટે ગુજરાત પ્રાંતીય આર્યપ્રતિનિધિ સભા દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પં. શ્યામજી કૃષ્ણવર્માના ધર્મપત્નિ શ્રીમતી ભાનુમતીની પુણ્યતિથિ ઉજવવાનો ક્રમ પણ ગત વર્ષથી શરૂ કરવામાં આવેલ છે. તદ્નુસાર તેણીની ૮૪મી પુણ્યતિથિ (૨૨ ઓગષ્ટ) નિમિત્તે ગત તારીખ ૨૦ ઓગષ્ટના રોજ મહિલા સંમેલનનું આયોજન ક્રાંતિતીર્થ માંડવી ખાતે કરવામાં આવ્યું. આશરે ૨૦૦ જેટલી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી સંમેલનનું અધ્યક્ષ સ્થાન સામાજિક કાર્યકર્તા શ્રીમતી સોનલબેન શેઠિયા (નખત્રાણા) એ સંભાળ્યું.



કાર્યક્રમનો પ્રારંભ દિવાકર શાસ્ત્રી (અમદાવાદ)ના બ્રહ્માસ્થાને કરવામાં આવ્યો. જેમાં મુખ્ય યજમાન સ્થાને સંપન્ની બિરાજ્યા હતા. ત્યાર બાદ માંડવી તાલુકાની માધ્યમિક શાળાઓની કન્યાઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્પર્ધામાં પ્રથમ કુ. કટારમલ ચાર્મિ પી. (માંડવી), દ્વિતીય મોતા પૂજા વિપુલભાઇ (માંડવી) અને તૃતીય જાકી શહીદાબાનુ અબુબકર (દુર્ગાપુર) સ્થાન પ્રાપ્ત કર્યું. જેમાં પ્રથમ ત્રણ વિજેતા કન્યાઓને પ્રાંતીય સભા દ્વારા પ્રમાણપત્ર અને શીલ્ડ તેમજ આર્યસમાજ માંડવીના પ્રમુખશ્રી નવીનભાઇ વેલાણી દ્વારા સાહિત્ય અને રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતાં. આર્યસમાજ માંડવીના મંત્રીશ્રી

લખમશીભાઇ વાડિયા, ઉપપ્રમુખશ્રી પરસોત્તમભાઇ વાડિયા, કોષાધ્યક્ષશ્રી મણિલાલ રંગાણી, સંમેલન અધ્યક્ષ શ્રીમતી સોનલબેન શેઠિયા, માંડવી નગર સેવા સદનના અધ્યક્ષ શ્રીમતી સુજાતાબેન ભાયાણી, ટંકારા આર્ય મહિલા મંડળના શ્રીમતી પ્રભાબેન મનીપરા વગેરેએ પણ કન્યઓને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહન આપ્યું. સ્પર્ધાનું આયોજન આર્યસમાજ માંડવીના ટ્રસ્ટીશ્રી હીરાલાલભાઇ ધોળુંએ કર્યુ. નિર્ણાયક તરીકે શ્રી પરેશભાઇ (દુર્ગાપુર), શ્રી હિનાબેન (ટંકારા) અને નીતાબેન ( દુર્ગાપુર)એ સેવા આપી.

મહિલા સંમેલનને ઉપસ્થિત મહિલાઓએ સંબોધન કર્યુ હતું અને મહિલાઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. જેમાં મુખ્ય હતા શ્રીમતી પ્રભાબેન મનીપરા (ટંકારા), શ્રીમતી સુજાતાબેન ભાયાણી (નગર અધ્યક્ષા, માંડવી), શ્રીમતી આરતીબેન શાસ્ત્રી (અમદાવાદ), રિંકલબેન ધાયુ (માંડવી) લીલાબેન (માંડવી), નિતાબેન કોરિંગા (ટંકારા), હિનાબેન દેવમુરારી (ટંકારા), મુક્તાબેન (દુર્ગાપુર), કંચનબેન (બિદડા), સોનલબેન શેઠિયા (કાર્યક્રમ અધ્યક્ષ) રહ્યાં હતા.

આ સમયે સભાના પદાધિકારીઓ શ્રી રણજીતસિંહ પરમાર (રાજકોટ), ઉપપ્રમુખશ્રી વાચોનિધિજી આર્ય (ગાંધીધામ), ઉપપ્રમુખ કચ્છક્ષેત્ર, શ્રી હસમુખભાઇ પરમાર (ટંકારા) સભામંત્રી તેમજ આર્યસમાજ રાજકોટ, ગાંધીધામ, નખત્રાણા, મુંદ્રા, માંડવી વગેરે પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન શ્રીમાન પુષ્પાબેન વેલાણી (દુર્ગાપુર)એ કર્યુ હતું. આભાર દર્શન રિંકલબેન ધોળુએ કર્યુ હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવામાં આર્યસમાજ માંડવીના પ્રમુખશ્રી નવીનભાઇ વેલાણી અને તેમની ટીમનું પ્રશંસનીય યોગદાન રહ્યું હતું.

ક્રાંતિતીર્થના મેનેજર શ્રી બકુલભાઇ અને તેમના સ્ટાફે રચનાત્મક સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે આર્યસમાજ માંડવીના પ્રમુખશ્રી નવીનભાઇ વેલાણી દ્વારા માંડવી નગરપાલિકાના પુસ્તકાલય માટે વૈદિક સાહિત્ય શ્રીમતી સુભતાબેનને ભેંટ આપવામાં આવેલ હતું.

## સ્વાઇન ફ્લૂ અટકાવવા યજ્ઞ
## આર્યસમાજ જામનગરનું આયોજન

વર્તમાનમાં સ્વાઇન ફ્લૂએ અજગર ભરડો લીધો છે. તેનાથી બચવાના વિવિધ ઉપાયો કરવામાં આવે છે. આર્યસમાજ જામનગરે વિશેષ પ્રકારની હવન સામગ્રી તૈયાર કરી છે. જેના વડે શહેરના વિવિધ સ્થળોએ અને શાળાઓમાં સામૂહિક યજ્ઞ કરવામાં



આવે છે. અને લોકો યજ્ઞનું પર્યાવરણીય મહત્વ સમજાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં આર્યસમાજના પ્રમુખશ્રી પ્રેમજીભાઇ રાણા, મંત્રીશ્રી ડૉ. અવિનાશભાઇ ભટ્ટ વગેરે જહેમત ઉઠાવી રહ્યાં છે.

# ગુજરાતની આર્યસમાજો દ્વારા વેદપ્રચારની ધૂમ

આર્યસમાજોનું મુખ્ય કાર્ય લોકોને પૌરાણિક માન્યતાઓમાંથી બહાર કાઢી વેદો તરફ પાછા વળવાનું છે. આપણાં દેશની ધર્મભારૂ પ્રજા પૌરાણિક માન્યતાઓમાં ગળાડૂબ છે. આથી જ મૂર્તિપૂજા અને વ્યક્તિ પૂજાના ચક્કરમાં ફંસાય છે. અને એક વ્યસનીના નશાની જેમ તેના દુષ્પરિણામો પણ ભાન રહેતુ નથી. કહેછાતા ધર્મધુરંધરો બાબાઓ, ફૂકીરો, ભગવાનો આવા લોકોનું આર્થિક અને શારીરિક શોષણ કરતા રહે છે. આવા ધર્મના ઠેકેદારો સામે મહર્ષિ દયાનંદે ખંડ પોકાર્યુ હતું અને ગેરમાન્યતાઓ ફેલાવતા કહેવાતા ધર્મ ગ્રન્થોનું શરણ છોડી વેદો તરફ વળોનું આહવાહન કર્યુ હતું. મહર્ષિના આદેશનું પાલન કરવાની જવાબદારી આર્યસમાજના શિરે છે. આથી વિશ્વભરની આર્યસમાજો દ્વારા વેદ પ્રચારના કાર્યક્રમો વર્ષ દરમ્યાન ચાલતા રહે છે.

સાર્વદેશિક સભાના નિર્દેશ મુજબ દર વર્ષે શ્રાવણ માસમાં દરેક આર્યસમાજો દ્વારા વેદ પ્રચાર સપ્તાહ ઉજવવામાં આવે છે. તદ્નુસાર ગુજરાતની આર્યસમાજોએ પણ વેદપ્રચારના આયોજન કરે છે. ચાલુ વર્ષેના સંપન્ન થયેલા કાર્યક્રમોના સંક્ષેપ્ત સમાચાર આ મુજબ છે.

૧. આર્યસમાજ (માયાણીનગર), રાજકોટમાં તા. ૨૬/૭/૧૭ થી તા. ૨/૮/૧૭ બુધવાર સુધી યજુર્વેદ પારાયણ મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સવારે ૭.૩૦ થી ૯.૩૦ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી યજ્ઞ અને વેદપ્રવચન રાખવામાં આવેલ હતાં.

ડૉ. શિવદત્ત પાંડે (વેદ વેદાંગ વિદ્યાપીઠ ગુરૂકુળ, આશ્રમ) સુલતાનપુર (યુ.પી.) બિરાજમાન હતા. તેમની સાથે શ્રી ટંકારા ઉપદેશક વિદ્યાલયના ચાર બ્રહ્મચારીઓ શુદ્ધ વેદપાઠનું પઠન કરતા હતા.

તા. ૨૬-૭-૨૦૧૭ થી ૨૯-૭-૧૭ પ્રાતઃકાલ સુધી ડૉ. શિવદત્ત પાંડેજી પોતાની મધુરવાણીથી મંત્રોનો અર્થ પણ લોકોને સમજાવતા હતા. તા. ૨૯-૭-૧૭ સાંજે સ્વામિ વિવેકાનંદજી (દર્શનયોગ મહાવિદ્યાલય-રોજડ) પધારેલ હતા. ઇશ્વર ઉપાસના વિધિ લોકોને શીખવાતા હતા.

ઇશ્વરનું સ્વરૂપ શું છે? ઇશ્વર શું કરે છે ? ઇશ્વરની પુજા કઇ રીતે થાય તથા આત્માનું લક્ષણ મનુષ્ય જન્મનો મુળ ઉદ્દેશ શું છે ? આદિ વિષયો ઉપર ઉદાહરણ સાથે બોલતા હતા.

આ વેદ સપ્તાહ દરમ્યાન આ પ્રસંગનો અને લોકોએ તથા પ્રતિશિઠીત વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. તા. ૬-૮-૨૦૧૭ રવિવારના રોજ સાંજે પારિવારિક સત્સંગ આજી ડેમ પાસે એકરંગ વિદ્યાલય (માનસિક ક્ષતિ ગ્રસ્ત બહેનો માટે આવાસીય રહેઠાણ)માં થયો હતો જેમાં

હવનમાં યજમાન તરીકે પ્રતિલયાર્ક યુનિ. રોડના સીનીયર સીટીઝન ભાઇઓ તથા બહેનો અને માનસિક વિકલાંગ બહેનોએ હવનનો લાભ લીધો હતો.

કાર્યક્રમના અંતે શ્રી રણજીતસિંહ પરમારે (આર્યસમાજ પ્રમુખ) સૌને આભાર દર્શન કરેલ.

૨. આર્યસમાજ, ટંકારા દ્વારા છેલ્લા ૯ વર્ષથી વેદપ્રચાર અભિયાન એક માસથી ચાર માસ સુધી ચલાવવામાં આવે છે. જેમાં ટંકારાની વિવિધ સોસયટીઓમાં યજ્ઞ અને પ્રવચન તથા પ્રશ્નોત્તરી રાખવામાં આવે છે. ચાલુ વર્ષે જેઠ વદ અમાસથી આ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે ભાદરવા વદ ૧૨ સુધી ચાલશે. આશરે ૧૦ સોસાયટીઓમાં લગભગ સો કરતા પણ વધુ પરિવારોમાં યજ્ઞ-પ્રવચન યોજાશે. આ કાર્યક્રમને એટલો આવકાર મળે છે કે એક સાથે બે-ત્રણ સ્થળોએ સમાંતર કાર્યક્રમો રાખવા પડે છે.

પૂર્ણાહૂતિ કાર્યક્રમ તા. ૧૭-૯-૨૦૧૭ના રોજ રહેશે. જેમાં મુખ્ય વક્તા તરીકે આચાર્ય જ્ઞાનેશ્વરજી ઉપસ્થિત રહેશે.

.૩ આર્યસમાજ, કાંકરિયા, અમદાવાદ દ્વારા ગાંધીનગર અને અમદાવાદ ખાતે કાર્યક્રમો યોજવામાં આવ્યા. તારીખ ૨૨-૨૩-૨૪ ઓગષ્ટ ૨૦૧૭ના આર્યસમાજ, ગાંધીનગર ખાતે પ્રતિદિન સાયં ૫.૩૦ થી ૬.૦૦ યજ્ઞ, ૬.૦૦ થી ૭.૧૫ શ્રી યોગેશદત્તજીનો ભજનોપદશે અને ૭.૧૫ થી ૮.૦૦ સ્વામી ધ્રુવદેવજી (રોઝડ)ના વેદપ્રવચનો યોજાયા. તા. ૨૫-૨૬-૨૭ આર્યસમાજ મંદિર કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે કાર્યક્રમો રાખવામાં આવ્યા. ૯ યજ્ઞ અને શ્રી યોગેશદત્તજીનો ભજનોપદેશ અને આચાર્ય સોમદેવજી આર્ય (અજમેર)નો વેદપ્રવચન રાખવમાં આવ્યા. તા. ૨૭ના સવારના ૯ થી ૧૨ સુધી વેદપ્રચાર પૂર્ણાહૂતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં ઉપરોક્ત વિદ્વાનોનાં ઉપદેશનો લાભ મળ્યો.

૪. આર્યસમાજ, અડાજણ, સુરત દ્વારા તા. ૨૭ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ આર્યસમાજના પ્રસિદ્ધ સંન્યાસી સ્વામી વિવેકાનંદ - પરિવ્રાજકના પ્રવચનો રાખવામાં આવ્યા. જેમાં યજ્ઞ બાદ સ્વામીજીએ ઇશ્વરનું વૈદિક સ્વરૂપ વિષય પર સરળ શૈલીમાં પ્રવચન આપ્યું. બીજા સત્રમાં શ્રોતાઓના શંકાઓનું સમાધાનનો કાર્યક્રમ રહ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે આર્યસમાજ અડાજણની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થતા દશાબ્દી ઉત્સવ પણ સાથે રાખવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમ સિંધી સમાજ ભવન, રાંદેશ રોડ, સુરત ખાતે સંપન્ન થયો. જેમાં નગરના ગણ માન્ય બુદ્ધિજીવીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. અને આવા સુંદશ કાર્યક્રમના આયોજન બદલ આયોજકોની પ્રસંશા કરી હતી.

# આર્યસમાજ, આણંદ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઇ

ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદ ખાતે ૧૦-૮-૨૦૧૭ને શનિવાર આર્ય પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા - અમદાવાદ દ્વારા આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની ગુજરાત યાત્રાની ૧૪૨ મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત જીલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં આણંદ જિલ્લાની હાઇસ્કૂલોના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ - અંતરંગ સભ્યો - શાખા આર્યસમાજના સભ્યો - આમંત્રિતો - નિર્ણાયકો - શાળાના શિક્ષકગણ - વાલીઓ વગેરે મળી આશરે ૧૨૫થી વધુ વ્યક્તિઓ સ્પર્ધાના સમયે હાજર રહ્યા હતા.

વકતૃત્વ સ્પર્ધાનો આરંભ વૈદિક પરંપરા મુજબ પં. કનુપ્રસાદ શાસ્ત્રીએ ઇશપ્રાર્થનાના સુમધુર ગાન સાથે કર્યો હતો. આ પ્રસંગે હાજર સૌનું સ્વાગત સંસ્થાના વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્યએ કર્યું હતું.

વકતૃત્વ સ્પર્ધાના વિષયો : (૧) આદર્શ પરિવાર (૨) માનવ સંગઠનના ઉપાયો - રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં આણંદ જિલ્લાની ૨૩ શાળાઓના બે - બે વિદ્યાર્થીઓએ ભાગ લઇ વિષય અનુરૂપ પોતાનું વકતવ્ય રજુ કર્યું હતું.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે : (૧) ડૉ. દિનકર એચ. પટેલ (નિવૃત્ત પ્રોફેસર) (૨) શ્રી જયદેવસિંહ એમ. વાઘેલા (નિવૃત્ત પ્રિન્સીપાલ) અને (૩) શ્રી સામંતસિંહ ચૌહાણ (નિવૃત્ત આચાર્ય) નાઓએ માનદ્ સેવાઓ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે મલેક મુસ્કાનબાનુ સત્તારમીંયા (ધ ગર્લ્સ ઇન્સટીટયુટ-ઉમરેઠ), દ્વિતીય સ્થાને સોનાવા આરતી હસમુખભાઇ (ધ ગર્લ્સ ઇન્સ્ટીટયુટશન - ઉમરેઠ) અને તૃતીય નંબરે પટેલ વ્રજ જીજ્ઞેશભાઇ (બાપ્સ એસ. વિદ્યામંદિર-બાકરોલ) વિજેતા બન્યા હતા.

વિજેતા સ્પર્ધકો પૈકી પ્રથમને રૂા. ૧૫૦૦/-, દ્વિતીયને રૂા. ૧૦૦૦/- અને તૃતીયને રૂા. ૫૦૦/- રોકડ પુરસ્કાર તથા વૈદિક પાંચ પુસ્તકોનો સેટ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રોત્સાહનરૂપે આર્યસમાજના પદાધિકારીગણના હસ્તે આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીએ સ્પર્ધકોનું ઉત્સાહવર્ધન અને માર્ગદર્શન કરી શિક્ષણ ક્ષેત્રે વધુને વધુ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવીને સંસ્થાવતી સ્પર્ધામાં હાજર રહીને સ્પર્ધાને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો તથા સ્પર્ધામાં હાજર સૌના માટે સંસ્થા તરફથી પ્રીતિભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ગુજરાતની આર્યસમાજો દ્વારા વેદપ્રચારની ધૂમ

આર્યસમાજોનું મુખ્ય કાર્ય લોકોને પૌરાણિક માન્યતાઓમાંથી બહાર કાઢી વેદો તરફ પાછા વાળવાનું છે. આપણાં દેશની ધર્મભારૂ પ્રજા પૌરાણિક માન્યતાઓમાં ગળાડૂબ છે. આથી જ મૂર્તિપૂજા અને વ્યક્તિ પૂજાના ચક્કરમાં ફંસાય છે. અને એક વ્યસનીના નશાની જેમ તેના દુષ્પરિણામોનું પણ ભાન રહેતુ નથી. કહેવાતા ધર્મધુરંધરો, બાબાઓ, ફૂકીરો, ભગવાનો આવા લોકોનું આર્થિક અને શારીરિક શોષણ કરતા રહે છે. આવા ધર્મના ઠેકેદારો સામે મહર્ષિ દયાનંદે ખંડ પોકાર્યુ હતું અને ગેરમાન્યતાઓ ફેલાવતા કહેવાતા ધર્મ ગ્રન્થોનું શરણ છોડી વેદો તરફ પાછા વળોનું આહવાહન કર્યુ હતું. મહર્ષિના આદેશનું પાલન કરવાની જવાબદારી આર્યસમાજના શિરે છે. આથી વિશ્વભરની આર્યસમાજો દ્વારા વેદ પ્રચારના કાર્યક્રમો વર્ષ દરમ્યાન ચાલતા રહે છે.

સાર્વદિશિક સભાના નિર્દેશ મુજબ દર વર્ષે શ્રાવણ માસમાં દરેક આર્યસમાજો દ્વારા વેદ પ્રચાર સપ્તાહ ઉજવવામાં આવે છે. તદ્નુસાર ગુજરાતની આર્યસમાજોએ પણ વેદપ્રચારના આયોજન કરે છે. ચાલુ વર્ષેના સંપન્ન થયેલા કાર્યક્રમોના સંક્ષેપ્ત સમાચાર આ મુજબ છે –

૧. આર્યસમાજ (માયાણીનગર), રાજકોટમાં તા. ૨૬/૭/૧૭ થી તા. ૨/૮/૧૭ બુધવાર સુધી યજુર્વેદ પારાયણ મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સવારે ૭.૩૦ થી ૯.૩૦ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી યજ્ઞ અને વેદપ્રવચન રાખવામાં આવેલ હતાં.

ડાૅ. શિવદત પાંડે (વેદ વેદાંગ વિદ્યાપીઠ ગુરુકુળ, આશ્રમ) સુલતાનપુર (યુ.પી.) બિરાજમાન હતા. તેમની સાથે શ્રી ટંકારા ઉપદેશક વિદ્યાલયના ચાર બ્રહ્મચારીઓ શુદ્ધ વેદપાઠનું પઠન કરતા હતાં.

તા. ૨૬-૭-૨૦૧૭ થી ૨૯-૭-૧૭ પ્રાતઃકાલ સુધી ડાૅ. શિવદત પાંડેજી પોતાની મધુરવાણીથી મંત્રોનો અર્થ પણ લોકોને સમજાવતા હતા. તા. ૨૯-૭-૧૭ સાંજે સ્વામિ વિવેકાનંદજી (દર્શનયોગ મહાવિદ્યાલય- રોજડ) પધારેલ હતા. ઇશ્વર ઉપાસના વિધિ લોકોને શીખવાતા હતા.

ઇશ્વરનું સ્વરૂપ શું છે? ઇશ્વર શું કરે છે ? ઇશ્વરની પૂજા કઇ રીતે થાય તથા આત્માનું લક્ષણ મનુષ્ય જન્મનો મુળ ઉદેશ શું છે ? આદિ વિષયો ઉપર ઉદાહરણ સાથે સમજાવતા હતા.

આ વેદ સપ્તાહ દરમ્યાન આ પ્રસંગનો અને લોકોએ તથા પ્રતિશિઠીત વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. તા. ૬-૮-૨૦૧૭ રવિવારના રોજ સાંજે પારિવારિક સત્સંગ આજી ડેમ પાસે એકરંગ વિદ્યાલય (માનસિક ક્ષતિ

ગ્રસ્ત બહેનો માટે આવાસીય રહેઠાણ)માં થયો હતો જેમાં હવનમાં યજમાન તરીકે પ્રતિલયાર્ક યુનિ. રોડના સીનીયર સીટીઝન ભાઈઓ તથા બહેનો અને માનસિક વિકલાંગ બહેનોએ હવનનો લાભ લીધો હતો.

૨. આર્યસમાજ, ટંકારા દ્વારા છેલ્લા ૯ વર્ષથી વેદપ્રચાર અભિયાન એક માસથી ચાર માસ સુધી ચલાવવામાં આવે છે. જેમાં ટંકારાની વિવિધ સોસયટીઓમાં યજ્ઞ અને પ્રવચન તથા પ્રશ્નોત્તરી રાખવામાં આવે છે. ચાલુ વર્ષે જેઠ વદ અમાસથી આ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે ભાદરવા વદ ૧૨ સુધી ચાલશે. આશરે ૧૦ સોસાયટીઓમાં લગભગ સો કરતા પણ વધુ પરિવારોમાં યજ્ઞ-પ્રવચન યોજાશે. આ કાર્યક્રમને એટલો આવકાર મળે છે કે એક સાથે બે-ત્રણ સ્થળોએ સમાંતર કાર્યક્રમો રાખવા પડે છે.

પૂર્ણાહુતિ કાર્યક્રમ તા. ૧૭-૯-૨૦૧૭ના રોજ રહેશે. જેમાં મુખ્ય વક્તા તરીકે આચાર્ય જ્ઞાનેશ્વરજી ઉપસ્થિત રહેશે.

.૩ **આર્યસમાજ, કાંકરિયા, અમદાવાદ** દ્વારા ગાંધીનગર અને અમદાવાદ ખાતે કાર્યક્રમો યોજવામાં આવ્યા. તારીખ ૨૨-૨૩-૨૪ ઓગષ્ટ ૨૦૧૭ના આર્યસમાજ, ગાંધીનગર ખાતે પ્રતિદિન સાયં ૫.૩૦ થી ૬.૦૦ યજ્ઞ, ૬.૦૦ થી ૭.૧૫ શ્રી યોગેશદત્તજીનો ભજનોપદશ અને ૭.૧૫ થી ૮.૦૦ સ્વામી ધ્રુવદેવજી (રોઝડ)ના વેદપ્રવચનો યોજાયા. તા. ૨૫-૨૬-૨૭ આર્યસમાજ મંદિર કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે કાર્યક્રમો રાખવામાં આવ્યા. ૯ થી ૧૨ યજ્ઞ અને શ્રી યોગેશદત્તજીનો ભજનોપદેશ અને આચાર્ય સોમદેવજી આર્ય (અજમેર)ના વેદપ્રવચન રાખવમાં આવ્યા. તા. ૨૭ના સવારના ૯ થી ૧૨ સુધી વેદપ્રચાર પૂર્ણાહૂતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં ઉપરોક્ત વિદ્વાનોનાં ઉપદેશનો લાભ મળ્યો.

૪. આર્યસમાજ, અડાજણ, સુરત દ્વારા તા. ૨૭ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ આર્યસમાજના પ્રસિદ્ધ સંન્યાસી સ્વામી વિવેકાનંદ - પરિવ્રાજકના પ્રવચનો રાખવામાં આવ્યા. જેમાં યજ્ઞ બાદ સ્વામીજીએ ઇશ્વરનું વૈદિક સ્વરૂપ વિષય પર સરળ શૈલીમાં પ્રવચન આપ્યું. બીજા સત્રમાં શ્રોતાઓના શંકાઓનું સમાધાનનો કાર્યક્રમ રહ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે આર્યસમાજ અડાજણની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થતા દશાબ્દી ઉત્સવ પણ સાથે રાખવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમ સિંધી સમાજ ભવન, રાંદેશ રોડ, સુરત ખાતે સંપન્ન થયો. જેમાં નગરના ગણ માન્ય બુદ્ધિજીવીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત

રહ્યાં હતાં. અને આવા સુંદશ કાર્યક્રમના આયોજન બદલ આયોજકોની પ્રસંશા કરી હતી.

આર્યસમાજ, આણંદ દ્વારા તા. ૧૮ થી ૨૦ ઓગષ્ટ સવાર-સાંજ મહાભારત કથાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આચાર્ય રામદેવ શાસ્ત્રી (ટંકારા) મુખ્યા વક્તા રહ્યાં. તેઓએ મહાભારતના વિવિધ પર્વોની સમીક્ષા કરી તેમાં આવતા પ્રક્ષેપોનું સમાધાન કર્યુ

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ ખાતે તા. ૦૭-૦૮-૨૦૧૭ ને સોમવારના રોજ આર્યોના પ્રાચીનતમ પવિત્ર પર્વ શ્રાવણી ઉપાકર્મ વિધિ કાર્યક્રમનું આયોજન





શ્રદ્ધા-ભક્તિપૂર્વક પરંપરાગત રીતે વૈદિક પદ્ધતિથી કરવામાં આવ્યું. આ પાવન પર્વ પ્રસંગે ચરોતરના સેંકડો આર્યજનો, વિવિધ હાઇસ્કૂલના વિદ્યાર્થી ભાઇ-બહેનો તેમજ તેમના વાલીઓ અને શિક્ષક બંધુઓ તેમજ આમંત્રિત મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રાવણી પર્વની શરૂઆત વૈદિક સંધ્યાથી કરવામાં આવી. ત્યાર બાદ જનોઇ ધારણ કરવાનો વિધિ ધર્માચાર્ય પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાંતાચાર્ય) તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીના સંયુક્ત બ્રહ્મત્વમાં વૈદિક મંત્રોચ્ચાર પૂર્વક કરાવવામાં આવ્યો. યજ્ઞની સમાપ્તિ પછી યજ્ઞ પ્રાર્થના તથા વૈદિક આરતીનું સામૂહિક ગાન કરવામાં હતું.

પર્વ પ્રસંગે હાજર સૌનું સંસ્થાના વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્યએ શાબ્દિક સ્વાગત કરીને તંત્રીશ્રી અગ્નિપથ, ગાંધીનગરથી ખાસ આમંત્રિત વૈદિક પ્રવક્તા શ્રી અરવિંદભાઇ રાણાનું પુષ્પાહાર પહેરાવીને ભાવભીનું સ્વાગત સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલાએ કર્યુ હતું અને ઉપદેશ આપવા વિનંતી કરી હતી.

શ્રી અરવિંદભાઇ રાણાએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું કે જનોઇ એ

માનવનું ચિન્હ છે. તેમાં ત્રણ ધાગા (તાર) છે, જે ત્રૈતવાદનું સમર્થન કરે છે. મહર્ષિ દયાનંદે આર્ય સમાજનના દસ નિયમો ઘડેલા છે, તે પૈકીનો છઠ્ઠો નિયમ સંસારનો ઉપકાર કરવો આ સમાજનો મુખ્ય ઉદેશ્ય છે, અર્થાત્ શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ કરવી. ને જનોઇ સાથે ખાસ તાદાત્મ્ય છે, એટલે જનોઇ ધારણ વ્યક્તિઓ પાસે પોતાની ઉન્નતિ કરી હોય તો શારીરિક રીતે સ્વસ્થ અને તંદુરસ્ત બનવા આસન, પ્રાણાયામ, શારીરિક શ્રમ દરરોજ કરવો જોઇએ. તથા શુદ્ધ આહાર કરવો જોઇએ અને પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરીને પરમ લક્ષ્ય મોક્ષ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. જનોઇના ત્રણ ત્રાર આપણને ત્રણ ઋણ માતૃ ઋણ - પિતૃ ઋણ અને આચાર્ય ઋણમાંથી મુક્ત બનાવનો સંદેશ આપે છે. આ ત્રણ પ્રકારના ઋણમાંથી કેવી રીતે મુક્ત થવું તેનું ઉદાહરણ સાથે રોચક શૈલીમાં વિસ્તૃત છણાવટ તેઓએ કરી હતી. આ પ્રસંગે તેઓએ વિદ્યાર્થીઓએ માતા-પિતા તથા આચાર્યની જેટલી પણ આજ્ઞા હોય - અપેક્ષા હોય તેને માનવી જોઇએ, જેમ પરીક્ષા જેટલાં સાચા ઉત્તરો લખો એટલા માર્ક મળે છે, તેમજીવનમાં ત્રણ વ્યક્તિઓનું કહેલું જેટલું માનશો તેટલી સફળતા મળશે, તે નિર્વિવાદ છે, એવી શીખ આપી હતી.

સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓનો બૌદ્ધિક વિકાસ થાય અને ઇતર પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તેવા ઉમદા હેતુથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દર વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ યોગઃ તન અને મનની તંદુરસ્તી, વિષય રાખવવામાં આવ્યો હતો. જેમાં ૪૭ હાઇસ્કુલના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં શાળા દીઠ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ મેળવનારને સંસ્થાએ પ્રમાણપત્ર સાત વૈદિક પુસ્તકોનો સેટ તથા ઇનામ વિવિધ મહાનુભાવોના હસ્તે ભેટ આપ્યા હતા.




આભાર વિધિ સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહજી વાઘેલાએ કરી હતી. શાંતિપાઠ અને જયઘોષ અને પ્રીતિભોજન સાથે કાર્યક્રમ સફળતાપુર્વક સંપન્ન થયો હતો.

# આર્યસમાજોની ચૂંટણી સંપન્ન

## આર્યસમાજ, હાથીખાના, રાજકોટ

| | |
|---|---|
| પ્રમુખશ્રી | શ્રી રણજીતસિંહ હરિસિંહ પરમાર |
| મંત્રીશ્રી | શ્રી પ્રીવણચંદ્ર રતિલાલ ઠાકર |
| સહમંત્રીશ્રી | શ્રી નટવરસિંહ હરિસીંહ પરમાર |
| કોષાધ્યાક્ષ | શ્રી વિજયભાઇ નારણભાઇ બોરીચા |
| ઉપપ્રમુખ | શ્રી ગોવિંદભાઇ મેઘજીભાઇ પાલડીયા |
| કારોબારી સભ્ય | શ્રી માનસીંગભાઇ અમરસીંગભાઇ ગોહેલ |
| કારોબારી સભ્ય | શ્રી પદ્યુમનસીંહ રણજીતસિંહ પરમાર |
| કારોબારી સભ્ય | શ્રી પોપટભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ |
| કારોબારી સભ્ય | શ્રીમતિ કુસુમબેન નટવરસિંહ પરમાર |
| કારોબારી સભ્ય | શ્રીમતિ લીલાવંતીબેન માનસીંગભાઇ ગોહેલ |
| કારોબારી સભ્ય | શ્રી વાસંતીબેન પ્રવિણચંદ્ર ઠાકર |

## આર્યસમાજ, વડોદરા

| | |
|---|---|
| શ્રી રાજેન્દ્રપાલ વર્મા | પ્રમુખ |
| શ્રીમતી લીલાબેન વેલાણી | ઉપપ્રમુખ |
| શ્રીમતી રશ્મિસિંહ આર્ય | ઉપપ્રમુખ |
| શ્રી ભગવાનસ્વરૂપ આર્ય | મંત્રી |
| શ્રી ભરતભાઇ પટેલ (સંગઠન મંત્રી) | ઉપમંત્રી |
| શ્રીમતી રેશ્માબેન ચાંગલાણી | ઉપમંત્રી |
| શ્રી ભવાનજીભાઇ દિવાણી | કોષાધ્યક્ષ |
| શ્રી પ્રવીણભાઇ કોરડિયા | પુસ્તકધ્યક્ષ |
| શ્રી અનિલભાઇ આર્ય | અંતરંગ સદસ્ય |
| શ્રી ચિરાગભાઇ આર્ય | અંતરંગ સદસ્ય |
| શ્રી રામઅવતાર ઠાકુર | અંતરંગ સદસ્ય |
| શ્રી ઘનશ્યામભાઇ સોની | અંતરંગ સદસ્ય |
| શ્રી એસ. આર. મીણા | અંતરંગ સદસ્ય |
| શ્રી અમૃતભાઇ વાડિયા | અંતરંગ સદસ્ય |
| શ્રી રમણભાઇ પટેલ | અંતરંગ સદસ્ય |
| શ્રીમતી અંજુબેન કકુવાણી | અંતરંગ સદસ્ય |
| શ્રી કૃષ્ણકુમાર આર્ય | પરામર્શ દાતા |
| શ્રી રતનશીભાઇ વેલાણી | પરામર્શ દાતા |
| શ્રી મનીષ મહાજન | પરામર્શ દાતા |
| શ્રી રમેશચંદ્ર લહેરૂ | પરામર્શ દાતા |
| શ્રીમતી કમલેશસિંહ ઠાકુર | પરામર્શ દાતા |

# આર્યસમાજોની ચૂંટણી સંપન્ન

## આર્યસમાજ, ટંકારા

| | |
|---|---|
| પ્રમુખ | શ્રી અમૃતલાલ મેઘજીભાઇ બુદ્ધદેવ |
| ઉપપ્રમુખ | શ્રી ભગવાનજી દેવજીભાઇ ભીમાણી |
| ઉપપ્રમુખ | શ્રી હસમુખરાય ધરમશીભાઇ પરમાર |
| મંત્રી | શ્રી દેવકુમાર અરજણભાઇ પડસુંબિયા |
| ઉપમંત્રી | શ્રી અશોકકુમાર ધરમશીભાઇ પરમાર |
| કોષાધ્યક્ષ | શ્રી રજનીકાંત દામજીભાઇ મોરસાણિયા |
| પુસ્તકાધ્યક્ષ | શ્રી મનીષભાઇ ખીમજીભાઇ કોરિંગા |
| અંતરંગ સદસ્ય | શ્રી શાંતિલાલ રણછોડભાઇ ધૂળકોટિયા |
| અંતરંગ સદસ્ય | શ્રી મુકેશકુમાર ચતુરભાઇ કોરિંગા |
| અંતરંગ સદસ્ય | શ્રી કુંવરજીભાઇ મનજીભાઇ ગોધાણી |
| અંતરંગ સદસ્ય | શ્રી ચિંતનકુમાર હસમુખરાય પરમાર |
| અંતરંગ સદસ્ય | શ્રી અનિલભાઇ અમૃતલાલ બુદ્ધદેવ |
| અધિષ્ઠાતા આ. વી. દળ | શ્રી પરેશકુમાર રણછોડભાઇ કોરિંગા |

## આર્યસમાજ, અડાજણ , સુરત

| | |
|---|---|
| શ્રી નીતિનકુમાર કાંતિલાલ શેઠ | પ્રમુખ |
| શ્રી દીપક શ્રીકાંત ભગતજી | ઉપપ્રમુખ |
| શ્રી જિતેન્દ્ર બચુભાઇ માળી | મંત્રી |
| શ્રી રતનભાઇ સોમાભાઇ પટેલ | સહમંત્રી |
| શ્રી સુખદેવભાઇ ચીમનભાઇ સોની | ખજાનચી |
| શ્રી કનુભાઇ મોહનભાઇ પટેલ | કારોબારી સભ્ય |
| શ્રી મહેશભાઇ રમેશભાઇ ડોંગા | કારોબારી સભ્ય |

# આર્યસમાજ પોરબંદર દ્વારા મેઘાણી જયંતિની ઉજવાણી કરાઇ.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિ છેલ્લા પાંચ વર્ષથી આર્યસમાજ પોરબંદરના પ્રમુખશ્રી એચ. કે. મોતીવરસની પ્રેરણા અને આશીર્વાદથી ઉજવવાની પરંપરા શરૂ કરવામાં આવે છે. તે મુજબ ચાલુ વર્ષે પણ ઉજવણી કરવામાં આવી હતી. જેમા લોક સાહિત્યકાર વજુભાઇ પરમારે ઉપસ્થિત રહી ઝવેરચંદ મેઘાણી રચિત વિવિધ પ્રકારના ગીતો પોતાના બુલંદ અવાજમાં રજૂ કરી વાતાવરણને સાહિત્યના વિવિધ રસોથી તરબોળ કરી દીધું હતુ.

વજુભાઇ પરમારે સાગર ખેડૂતની દરીયાઈ સફર, હોળી, હાલરડા ઉપરાંત સોરઠી બહાર વટિયાના વીરરસથી ભરેલા રાસડા, વાઘેરોના રાસડા, આઝાદી સંગ્રામના દેશભક્તિના શાર્યગીતો રજુ કરી શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા.

આ કાર્યક્રમમાં આર્યસમાજ પોરબંદરના અધિકારીઓ, સદસ્યો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સ્વાગત અને આભાર દર્શન મંત્રીશ્રી ધનજીભાઈ આર્યએ કરેલુ હતુ.

RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - RMS on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2015 - 17

BOOK-POST



પ્રેષક :-
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ,
ટંકારા - ૩૬૩૬૫૦.
જિ. મોરબી

प्रति, ______

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL